કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.

PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

સાપ્તાહિક

Website : www.kutchuday.com

E-mail : kutchuday@gmail.com

તા.૨૮ એપ્રિલ, ૨૦૨૪ રવિવાર
કિમત રૂા.૨/-

કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ

# કચ્છ ઉદય

કચ્છ ઉદય

ભચાઉ તાલુકાના ખારોઈ, મનફરા, ચોબારી, ભરૂડીયા, આધોઈ, જંગી, વાંઢીયા, વોંધ, કટારીયા, દુધઈ તથા આસપાસના વિસ્તારોમાં સરક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવયુવાનોની જરૂરી છે.

અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલિ, અભિનંદન,જાહેર ખબરમાં સંપર્ક કરો

મહેશ શાહ : ૯૮૨૫૧ ૭૨૩૨૦, ૯૮૭૯૫ ૯૧૪૨૭

: સ્થળ :
જૈન ધર્મશાળાની બાજુમાં, જુના બસ સ્ટેન્ડ રોડ, ભચાઉ-કચ્છ.

♦અંક નંબર : ૫૦ ♦વર્ષ : ૩૦ ♦પાના - ૮ ♦ મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ♦Regd No. G-KCH - 184-2019-2021 ♦RNI No. 97708♦ સંવત ૨૦૮૦ ♦ચૈત્ર વદ-૪♦ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ♦ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ♦ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

# રાહુલના નિવેદન પર રાજકારણ તેજ



રાહુલના નિવેદનથી કોંગ્રેસની મેલી મથરોટી ફરી ખૂલ્લી પડી : શ્રી પાટીલ

### રાજા-મહારાજાઓનું શહેઝાદાએ કર્યું અપમાન : રાહુલના બફાટ સામે પીએમ નરેન્દ્ર મોદીના પ્રચંડ પ્રહાર

### રાજા - મહારાજા મુદ્દે રાહુલે આપેલ નિવેદન પર પ્રથમ વખત ભાજપ - કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષે કર્યાં વાર પલટવાર

### રાજા-મહારાજાઓ માટેની ટિપ્પણી અયોગ્ય છે કોંગ્રેસની નિયત ઉજાગર થઈ : ભાજપ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : રાહુલ ગાંધીના નિવેદન પર સી.આર.પાટીલના પ્રહાર સામે આવ્યા છે. જેમાં સી.આર.પાટીલે રાહુલના નિવેદન પર પલટવાર કર્યો છે. તેમાં સી.આર.પાટીલે જણાવ્યું છે કે કોંગ્રેસની છબિ છતી થઈ રહી છે. રાજા -મહારાજાઓ માટેની ટિપ્પણી અયોગ્ય છે. આવી ટિપ્પણીથી કોંગ્રેસની નિયત ઉજાગર થઈ છે.રાજા -મહારાજાઓને પણ કોંગ્રેસના શાસનમાં અનુભવો થયા છે. એનાથી રાજા - મહારાજાઓ કોંગ્રેસથી દૂર પણ થયા છે.

એક-એક વ્યક્તિના સર્વેનું નિવેદન હતું. જે પૈસા આવશે લોકોમાં વહેંચવાની વાત કરી છે. લોકો પોતે મહેનત કરે છે, બચત કરે છે. બચત બિન અધિકૃત લોકોને આપી દેવાની વાત કરો છો. બચતને ઘૂસ પેટિયાઓને આપવાની વાત કરો છો. રાજા - મહારાજા જમીન લઈ લે છે તેમ કોંગ્રેસ કહી રહ્યું છે. કોંગ્રેસ વર્ષોથી જમીન હડપવાનું કામ કરી રહી છે.કોંગ્રેસ પર પલટવાર કરતા પાટીલે વધુ જણાવ્યું છે કે કોંગ્રેસની છબી આના પરથી છતી થાય છે. રાહુલ ગાંધીનું નિવેદનમાં રાજા મહારાજાઓ માટેની આ પ્રકારની ટિપ્પણી કરીને કોંગ્રેસે ખરા અર્થમાં લોકોની સામે ઉજાગર કરી છે. રાજા મહારાજાઓને પણ કોંગ્રેસના સાશનમાં જે અનુભવ થયા છે એનાથી એ લોકો કોંગ્રેસથી દૂર પણ થયા છે.



સમાજ ભોળો છે, પણ મૂર્ખ નથી, પાટીલજી અહંકારમાં રાચી રહયા છે : શકિતસિંહ ગોહિલ

## ચૂંટણી પહેલા ગુજરાતમાં ગરમી વધવાને કારણે ભાજપ ટેન્શનમાં : બનાવી રણનીતિ

નવી દિલ્હી : લોકસભા ૨૦૨૪ની ચૂંટણીના પહેલા તબક્કામાં ૬૫ ટકા મતદાન થયું, જેમાં ગરમીની અસર વર્તાઈ હતી. હવે ૭ મે ૨૦૨૪ના દિવસે ગુજરાતમા મતદાન છે ત્યારે ગરમીને કારણે ભાજપ ટેન્શનમાં આવી ગયું છે અને મતદાન વધારવા માટે રણનીતિ બનાવી છે.ચૂંટણી પંચે પણ તાપમાનના પારા પર નજર રાખવા માટે એક ટાસ્ક ફોર્સની રચના કરી છે. ભાજપે ગુજરાતમાં ૭૦ ટકા જેટલું મતદાન થાય તેના માટે રણનીતિ બનાવી છે. સવારે ૭થી ૧૦-૩૦ વાગ્યા સુધીમાં ૩૫ ટકા, બપોરે ૧૨થી ૨-૩૦ વાગ્યા સુધીમાં ૧૦ ટકા અને બપોરે ૩થી ૬ વાગ્યા સુધીમાં ૨૫ ટકા મતદાન કરાવવા માટે કાર્યકરો અને બુથ પ્રમુખોને સુચના આપવામા આવી છે. ૪.૩૬ કરોડ મતદારો મત આપે તો ૭૦ ટકા મતદાન થાય. ગુજરાતમાં કુલ ૫૨૦૦૦ બુથ હશે અને એક બુથ પર ૧૨૦૦ મતદારો મત આપે છે. એક મત આપતા ૩૦ સેકન્ડ થાય એ દ્રષ્ટિએ સવારના પહેલા ૩.૩૦ કલાકમાં ૪૨૦ મત પડવા જોઈએ.

## ભાજપ બે તબક્કાના મતદાન બાદ ૩૦૦ નેતાની તાબડતોબ બેઠક બોલાવી

નવી દિલ્હી : દેશમાં અત્યાર સુધીમાં લોકસભાની ચૂંટણીના બે તબક્કા પૂરા થયા છે, ત્યાર બાદ બે તબક્કાની ચૂંટણીમાં ઓછા મતદાનને કારણે ભાજપનું કેન્દ્રીય નેતૃત્વ ચિંતિત દેખાઈ રહ્યું છે. યુપીમાં અત્યાર સુધી ૧૬ લોકસભા સીટો પર મતદાન થયું છે. આ તમામ વિસ્તારો પશ્ચિમ યુપીના છે. ઓછા મતદાનથી કોને નુકસાન થયું છે તે નક્કી કરવું મુશ્કેલ છે.આ દરમિયાન કેન્દ્રીય ગૃહમંત્રી અમિત



શાહ રવિવારે યુપીના પ્રવાસે પહોંચી રહ્યા છે. ચૂંટણી પ્રચાર માટે તેઓ પહેલા ત્રણ સ્થળોએ જાહેરસભાઓ કરશે. ઈટાહ, મૈનપુરી અને ઈટાવામાં તેમની રેલીઓનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત અમિત શાહ પણ મૈનપુરીમાં જઈને ડિમ્પલ યાદવ વિરુદ્ધ વોટ

અનુસંધાન પાના નં.૪ પર

## ક્ષત્રિય આંદોલનને ડામવા ભાજપ સક્રિય બન્યું

### પ્રદેશ ભાજપ અધ્યક્ષ પાટીલ ક્ષત્રિય આગેવાનો સાથે બેઠક યોજશે : મતદાન પહેલા ક્ષત્રિય સમાજના આંદોલનનો ઉકેલ લાવવા ભાજપે કવાયત હાથ ધરી

ગાંધીનગર : ગુજરાતમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલા ના નિવેદનના વિરોધમાં શરૂ કરવામાં આવેલ આંદોલન સમગ્ર રાજ્યમાં પ્રસરતા ભાજપે હવે ક્ષત્રિય સમાજના આંદોલનને ડાંમવા અને ક્ષત્રિય સમાજને સમજાવવા માટે મંત્રણાઓ માટે બેઠકો યોજવામાં આવનાર હોવાનું જાણવા મળે છે. ભાજપના કેન્દ્રીય મંત્રી અને રાજકોટ બેઠકના ભાજપ ના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ કરેલા નિવેદનને કારણે ક્ષત્રિય સમાજમાં રોષ ની લાગણી ઉઠી હતી અને પુરુષોત્તમ રૂપાલા ની ટિકિટ રદ કરવાની માંગ સાથે ક્ષત્રિય સમાજે આંદોલન શરૂ કર્યું હતું જે આંદોલન વધુ આક્રમક બન્યું હતું અને સમગ્ર રાજ્યમાં તમામ જિલ્લાઓમાં ફેલાતા હવે ક્ષત્રિય સમાજના આંદોલન ને અને તેમના રોષ ને ઠારવા માટે ભાજપે હવે ડેમેજ કંટ્રોલ એક્સરસાઈઝ શરૂ કરી છે. ગુજરાતમાં ૨૬ લોકસભા બેઠકો માટે ૭ મી મે ના રોજ મતદાન યોજાનાર છે. મતદાન આડે હવે થોડાક દિવસો જ બાકી રહ્યા છે ત્યારે ભાજપ પ્રદેશ નેતાગીરી એ ક્ષત્રિય સમાજના આગેવાનોને સમજાવવા માટે ક્ષત્રિય સમાજના આગેવાનો સાથે બેઠક યોજવામાં આવનારી છે. સંભવત બેઠકમાં ક્ષત્રિય સમાજની સંકલન સમિતિના આગેવાનો પણ ઉપસ્થિત રહે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે.રાજ્યમાં ચૂંટણી પહેલા ક્ષત્રિય સમાજને સમજાવવાના ભાજપના પ્રયાસ તેજ થયા છે. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી અને રત્નાકરજી ભાજપ વતી કરી આ મુદ્દે સમાધાન કરવા ખુબ પ્રયાસો કરી રહ્યાં છે. ક્ષત્રિય સમાજના નેતાઓ સાથે ૧૦થી વધુ વાર બેઠકો થઈ ચૂકી છે. ક્ષત્રિય સમાજની લાગણીનો આદર કરવાની સૂચના અપાઈ છે. સમાજની લાગણી વ્યકત કરતા સમયે ઘર્ષણ ના થાય તેની સૂચના પણ અપાઈ છે. ક્ષત્રિયોની સમજાવટ માટે કરાયેલા પ્રયાસની જાણકારી પણ અપાય છે. ક્ષત્રિયો અને ભાજપ સિક્કાની બે બાજુ હોવાની જાણકારી અપાય છે. કોઈ પણ પ્રકારનો વર્ગવિગ્રહ ન થાય તે માટેની પણ સૂચના અપાય છે.

## લોકસભા ચૂંટણી પહેલા દિલ્હીમાં કોંગ્રેસને મોટો ઝટકો

નવી દિલ્હી : લોકસભા ચૂંટણી પહેલા દિલ્હીમાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. અરવિંદર સિંહ લવલીએ પ્રમુખ પદેથી રાજીનામું આપી દીધું છે. લવલીએ પોતાનું રાજીનામું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને મોકલી આપ્યું છે. લવલીએ પોતાના રાજીનામા પત્રમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો છે. આ મુજબ લવલી દિલ્હીમાં આમ આદમી પાર્ટી સાથે ગઠબંધનની



અરવિંદર સિંહ લવલીએ પ્રમુખ પદેથી રાજીનામું આપ્યું

વિરુદ્ધમાં હતા.તેમણે એમ પણ કહ્યું કે દિલ્હીમાં કોંગ્રેસને માત્ર

અનુસંધાન પાના નં.૪ પર

## દિલ્હીમાં ભાજપનો પોસ્ટર પ્રહાર : સુનીતા કેજરીવાલ પર સાધ્યું નિશાનઃ લખ્યું- દિલ્હીની રાબડી દેવી

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : દિલ્હીમાં આમ આદમી પાર્ટી અને ભાજપ વચ્ચે પોસ્ટર વોર શરૂ થયું છે,દિલ્હી ભાજપે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલ પર નિશાન સાધતા પૂર્વી દિલ્હીમાં પોસ્ટર લગાવી દીધા છે. આ પોસ્ટર પર સુનીતા કેજરીવાલની તસવીર જોવા મળે છે અને તેના પર લખ્યું છે 'દિલ્હી રાબડી દેવી.'અરવિંદ કેજરીવાલના પત્ની સુનીતા કેજરીવાલે આજે પોતાનો પહેલો રોડ શો કર્યો.

આ દરમિયાન સમર્થકોના હાથમાં આઈ લવ કેજરીવાલના પોસ્ટર હતા. આ પહેલા દિલ્હી ભાજપે સિવિલ લાઈન્સ સ્થિતિ સીએમ આવાસ તરફ જતા રુટ પર સાઈન બોર્ડ લગાવ્યા હતા જેમાં લખ્યું હતું, 'કાચનો મહેલ ભ્રષ્ટાચારનો અડ્ડો, મુખ્યમંત્રી નિવાસ, ૬ ફ્લેગ સ્ટાફ રોડ સિવિલ લાઈન્સ'. પોસ્ટરમાં સીએમ આવાસ તરફ ઈશારો કરવામાં આવ્યો છે. બોર્ડ સીએમ નિવાસસ્થાનથી થોડે દૂર જ લગાડવામાં આવ્યા છે. દિલ્હીમાં લોકસભા ચૂંટણીમાં હવે માત્ર એક જ મહિનો રહ્યો છે, એવામાં ભાજપ અને આમ આદમી પાર્ટી એકબીજા વિરુદ્ધ આક્રમક અભિયાન ચલાવી રહ્યાં છે.ભાજપ કહે છે કે લોકો ઈન્ડિયા ગેટ અને અન્ય સ્મારકોને જોવા દિલ્હી આવે છે. અમે ઈચ્છીએ છીએ

અનુસંધાન પાના નં.૪ પર

## ચૂંટણી સભા અને રેલીઓમાં તૈનાત કરાશે ખાસ એમ્બ્યુલન્સ : હીટ સ્ટ્રોકના ખતરાથી બચાવશે

નવી દિલ્હી :મે મહિનામાં દિલ્હીમાં ચૂંટણી સભાઓ અને રેલીઓ શરૂ થશે. ત્યારબાદ તાપમાનનો પારો ૪૪ ડિગ્રીની આસપાસ પહોંચી જશે. ત્યારે ચૂંટણી સભાઓ અને રેલીઓમાં હીટ સ્ટ્રોકના કારણે લોકો બીમાર પણ પડી શકે છે. જેથી આવા લોકોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે રામ મનોહર લોહિયા હોસ્પિટલ ખાસ પ્રકારની એમ્બ્યુલન્સ તૈયાર કરી રહી છે. આ



એમ્બ્યુલન્સમાં તમામ વ્યવસ્થા હશે જેથી હીટ સ્ટ્રોકના દર્દીની સારવાર થઈ શકે લોકસભાની ચૂંટણીમાં ગરમી અને ભેજને જોતા આરોગ્ય મંત્રાલયે બેઠક યોજી હતી. આ બેઠકમાં એક સમિતિની રચના કરવામાં આવી હતી. આ અંતર્ગત ડો.રામ મનોહર લોહિયા હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે. ખાસ પ્રકારની એમ્બ્યુલન્સ પણ તૈયાર કરવામાં આવી રહી છે. ઈમરજન્સી વોર્ડમાં ઈમરજન્સી કૂલિંગ સિસ્ટમ પણ લગાવવામાં આવશે, જેથી ગરમીના કારણે બીમાર પડતા

અનુસંધાન પાના નં.૪ પર

## ઓછું મતદાન : કોના વધારશે ધબકારાં? : નોર્થ-ઈસ્ટમાં બમ્પર તો યુપી-મહારાષ્ટ્રમાં નિરુત્સાહી મતદાનથી કોની વધી ગઈ ચિંતા..!

### ક્યાં કેટલા પડ્યા મત

ગાંધીધામ : બીજા તબક્કામાં નોર્થ ઈસ્ટ રાજ્યો અસમમાં ૭૦.૬૮ ટકા, મણિપુરમાં ૭૭.૧૮ ટકા અને ત્રિપુરામાં ૭૭.૯૭ ટકા મતદાન થયું. જ્યારે મહારાષ્ટ્રમાં ૫૩.૭૧ ટકા અને યુપીમાં ૫૪.૮૫ ટકા મત પડ્યા. આ ઉપરાંત બિહારમાં ૫૪.૧૭ ટકા, છત્તીસગઢમા ૭૨.૫૧ ટકા, જમ્મુ અને કાશ્મીરમાં ૬૭.૨૨ ટકા, કર્ણાટકમાં ૬૪.૫૭ ટકા, કેરળમાં ૬૫.૦૪ ટકા, મધ્ય પ્રદેશમાં ૫૫.૩૨ ટકા, રાજસ્થાનમાં ૬૦.૦૬ ટકા, ત્રિપુરામાં ૭૭.૯૭ ટકા, ઉત્તર પ્રદેશમાં ૫૪.૮૫ ટકા, અને પશ્ચિમ બંગાળમાં ૭૧.૮૪ ટકા મતદાન થયું.

ગાંધીધામ : લોકસભા ચૂંટણીના બીજા તબક્કામાં શુક્રવારે દેશભરની ૮૮ બેઠકો પર મતદાન થયું. લાંબા વીકેન્ડ અને હવામાનની અસર બીજા તબક્કાના મતદાન પર જોવા મળી. આંકડા પર નજર ફેરવીએ તો બીજા તબક્કાના મતદાનમાં નોર્થ ઈસ્ટના રાજ્યોમાં બંપર



મતદાન થયું જ્યારે મહારાષ્ટ્ર અને ઉત્તર પ્રદેશમાં મતદાનમાં સુસ્તી જોવા મળી. બીજા તબક્કામાં જ્યાં ઓછું મતદાન થયું અને જ્યાં બંપર મત પડ્યા તેનાથી કોને નુકસાન થયું અને કોને ફાયદો થયો તે તો પરિણામ આવશે ત્યારે ખબર પડશે પરંતુ હાલ તો સત્તાધારી ભાજપ માટે કદાચ મુશ્કેલી જોવા મળી શકે છે. રાજકીય તજજ્ઞો માની રહ્યા છે કે, ચૂંટણી પંચ તરફથી બહાર પડેલી પ્રેસ નોટ મુજબ સાંજે ૭ વાગ્યા સુધીમાં ૧૩ રાજ્યોની ૮૮ બેઠકો પર સરેરાશ ૬૦.૯૬ ટકા મતદાન નોંધાયુ. નોર્થ ઈસ્ટના રાજ્યોમાં જબરદ્સ્ત ૭૫ ટકાથી વધુ મતદાન થયું. જ્યારે છત્તીસગઢના બસ્તર સંભાગના ૧૦૨ ગામમાં પહેલીવાર લોકસભા માટે મતદાન થયું.

### ૨૦૧૯ની સરખામણીમાં ઓછું મતદાન


ગાંધીધામ : લોકસભા ચૂંટણીના પહેલા તબક્કાની જેમ જ શુક્રવારે થયેલા બીજા તબક્કાના મતદાનમાં પણ ૨૦૧૯ની સરખામણીમાં ઓછા મત પડ્યા. બીજા તબક્કામાં ૧૩ રાજ્યોની તમામ ૮૮ બેઠકો પર મતદાન થયું. સાંજે ૫ વાગ્યા સુધીમાં ઉપલબ્ધ આંકડા મુજબ ડેટાએ સંકેત આપ્યો કે લોકતંત્રના આ મહાપર્વમાં મતદારોની ભાગીદારીમાં જબરદસ્ત ઘટાડો જોવા મળ્યો છે. ગત લોકસભા ચૂંટણીમાં ભારતમાં સરેરાશ લગભગ ૭૦ ટકા મત પડ્યા હતા. પરંતુ આ વર્ષે નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. સાંજે ૫ વાગ્યા સુધીમાં ફક્ત ૬૦ ટકા મતદાન નોંધાયુ.

## ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા નજીક ભૂકંપ : તીવ્રતા નોંધાઈ

### અમેરિકા અને જાપાનમાં પણ ધરા ધ્રૂજી

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : ઈન્ડોનેશિયાની રાજધાની જકાર્તા નજીક આજે સાંજે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર ભૂકંપની તીવ્રતા ૬.૨ હતી, જેના કારણે ઈન્ડોનેશિયાના ઘણા વિસ્તારોમાં દહેસત ફેલાઈ ગઈ છે.

ભૂકંપનું કેન્દ્ર જકાર્તાથી લગભગ ૮૮ કિલોમીટર દક્ષિણ પશ્ચિમમાં હિંદ મહાસાગરમાં હતું. જો કે અત્યાર સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી, પરંતુ ભૂકંપના કારણે ઘણી ઈમારતોમાં તિરાડો



પડી ગઈ છે અને કેટલીક ઈમારતોને નુકસાન થયું છે.

સ્થાનિક અધિકારીઓ પરિસ્થિતિની સમીક્ષા કરી રહ્યા છે અને નુકસાનનું મૂલ્યાંકન કરી રહ્યા છે. ભૂકંપના કારણે જકાર્તાના કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો પણ ખોરવાઈ ગયો છે. ભૂકંપ બાદ ઘણા વિસ્તારોમાં લોકો રસ્તા પર આવી ગયા છે.

### તિકડમ !
– દેવેન વ્યાસ



**મતદાનના દિવસે મતદાન કરીને જ ભોજન કરવાનો મેં કાયમી સંકલ્પ લીધો છે!**

## રાજકોટમાં એકાએક સંવેદનશીલ મતદાન મથકો કેમ વધારાયા?

(પ્રતિનિધિ દ્વારા)રાજકોટ : રાજકોટ લોકસભા બેઠક સહિત સમગ્ર રાજયમાં ચૂંટણી પ્રચાર-પ્રસારનો માહોલ જામ્યો છે તો બીજી તરફ ભાજપનાં ઉમેદવાર પરશોત્તમ રૂપાલાની ક્ષત્રિય સમાજની લાગણી દુભાય તેવી ટીપ્પણીના પગલે સમગ્ર રાજયમાં ક્ષત્રિય સમાજ દ્વારા ભાજપના ઉમેદવારો વિરૂદ્ધ પ્રચાર-પ્રસાર વચ્ચે હવે ક્ષત્રિય સમાજ સાથે ભેદભાવ થતો હોવાની રાજપૂત ક્ષત્રિય સમાજ સંકલન સમિતિએ આજરોજ રાજકોટ જિલ્લા લોકસભા બેઠકના જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબઝર્વરને લેખીત રજૂઆત કરી છે.જેમાં સંવેદનશીલ વિસ્તારોની સંખ્યામાં એકાએક વધારો અને ક્ષત્રિય વિસ્તારોમાં મતદાન સ્લીપ વિતરણ કેમ નહીં ?તેવા વેધક સવાલો રજૂ કર્યા છે. રાજપૂત ક્ષત્રિય સંકલન સમિતિનાં આગેવાનો પી.ટી.જાડેજા, દેવેન્દ્રસિંહ જાડેજા, અનિરૂદ્ધસિંહ જાડેજા, ભાર્ગવીબા ગોહિલ, માયાબા ગોહિલ, વિ.એ.રાજકોટ સરકીટ હાઉસ ખાતે લોક-સભા બેઠકનાં જનરલ ઓબ્ઝર્વર અને પોલીસ ઓબ્ઝર્વરને લેખીત રજૂઆત કરી છે.

## ચૂંટણી પૂર્વે ઇન્કમટેક્સ એકશનમાં

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ : ગુજરાતમાં ચૂંટણી પ્રચાર ગરમી પકડી રહ્યો છે ત્યારે મતદારોને પ્રલોભન આપવાના કોઈ





કૃત્ય ન થાય અને નાણાંકીય હેરાફેરી ન થાય તે માટે ઈન્કમટેક્સ એકશનમાં છે. આવકવેરા વિભાગની કાર્યવાહી રજાના દિવસે પણ ચાલુ જ રાખવામાં આવી હતી. અમદાવાદને લાગેવળગે છે ત્યાં સુધી આવકવેરા વિભાગે અત્યાર સુધીમાં સાત કરોડની રોકડ જપ્ત કરી છે ત્યારે ૧૧ કરોડનું બીન હિસાબી સોનુ પણ પકડવામાં આવ્યું છે. રેલવે સ્ટેશન, એરપોર્ટ, બસ સ્ટેન્ડ સહિતના જાહેર સ્થળોએ ૫૦થી વધુ ટીમો સક્રિય છે.

## દેશની સુરક્ષાઃ ભારતીય સેના પાકિસ્તાન સરહદ સાથે જોડાયેલા ગામોમાં બનાવી રહી છે ડિફેન્સ વોલ

(એજન્સી દ્વારા) નવી દિલ્હી : પાકિસ્તાનની મડવોલ (માટીની દીવાલ)ના જવાબમાં ભારતીય સેના હવે સરહદ સાથે જોડાયેલાં ગામોમાં ડિફેન્સ વોલ બનાવી રહી છે.પાકિસ્તાનની મડવોલ (માટીની દીવાલ)ના જવાબમાં ભારતીય સેના હવે સરહદ સાથે જોડાયેલાં ગામોમાં ડિફેન્સ વોલ બનાવી રહી છે. દેશની આ પ્રકારની પહેલી દીવાલનું નિર્માણ રાજસ્થાનના શ્રીગંગાનગર અને પંજાબમાં શરૂ પણ થઈ ગયું છે. તેની જવાબદારી ગ્રેફને સોંપાઈ છે.પથ્થરોની આ નવી દીવાલ



બોર્ડરથી ૧૨ કિમી પહેલાં સીમાંત ગામોમાં નહેરોના કિનારે બનાવાઈ રહી છે. પહેલા તબક્કામાં ૨૧ કિમી લાંબી દીવાલનું નિર્માણ અંતિમ ચરણમાં છે. તેની ખાસિયત એ છે કે ૧૦ ફૂટ પહોળી અને ૭ ફૂટ ઊંચી આ દીવાલની અંદર જ બક્કર પણ હશે. તેનો સૌથી મોટો ફાયદો એ થશે કે આપણી સુરક્ષા હવે બમણી થઈ જશે. બોર્ડર પર બીએસએફ રહેશે અને ડિફેન્સ વોલમાં સેના તૈનાત રહેશે. અહીં તેનું પરિણામ શ્રેષ્ઠ આવ્યા પછી દેશભરમાં સમગ્ર બોર્ડર વિસ્તારમાં આવી ડિફેન્સ વોલ બનાવાશે.ભારતની ડિફેન્સ વોલ; આપણી વોલનું નિર્માણ પથ્થરોની બે પાક્કી દીવાલો વચ્ચે માટી ભરીને કરાયું છે. આ જ દીવાલો વચ્ચે બક્કર પણ બનાવાયાં છે. જ્યાં સેનાના જવાનો સરળતાથી ઊભા રહી શકશે.

# સોઢા ક્ષત્રિય સમાજના કુળદેવ પિથોરાપીર નૂતન મંદિરે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

નિરોણા : અહીંના પાવરપટ્ટી વિસ્તારમાં આવેલ વેડહાર ગામે સોઢા ક્ષત્રિય સમાજના કુળદેવ ગણાતા પિથોરાપીર મંદિરે ત્રણ દિવસનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરાયું હતું. જેમાં સંતો, મહંતો, ભક્તો અને દાતાઓએ હાજરી આપી હતી.

નિરોણા ગામની બાજુમાં આવેલ વેડહાર ગામમાં ક્ષત્રિય સોઢા સમાજના આરાધ્યદેવ પિથોરાપીરના નૂતન મંદિરનું નિર્માણ કાર્ય પુર્ણ થયા બાદ ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનો પ્રારંભ કરાયો હતો. જેમાં પ્રથમ દિવસે ગુરૂવંદના, ગણપતિ પૂજન, વાસ્તુપૂજન, અગ્નિ સ્થાપના કરવામાં આવી હતી. પ્રાણ પ્રતિષ્ઠાના બીજા દિવસે જલયાત્રા, નગરયાત્રા, દેવતાઓ પૂજન, સાંજે આરતી, થાળ અને રાત્રે જાડેજા ખાનુભા જાળાઈ તથા વેડહારની મંડળી દ્વારા આરાધીવાણી દ્વારા પિથોરાપીરજીના ગુણગાન ગાયા હતા.મહોત્સવના ત્રીજા દિવસે સંતો પીર શોભાળસિંહ દાદા, પીર આબાજી દાદા, હરિસિંગજી દાદા, પીર ભેરજી જાલમસિંહ, મહંત જગજીવન દાસજી ભગત, મહંત દિલીપ નાથજી, મહંત દિલીપ દાદા કાપડી, પીર મહેન્દ્રસિંહ દાદાની હાજરીમાં હોમહવન અને પ્રાણ પ્રતિષ્ઠા યોજાઈ હતી. જેમાં આચાર્ય પદે મોતીરામ ઓઝા



ત્રિદિવસીય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં હોમહવન સહિત ધાર્મિક કાર્યો સંતો-મહંતો, ભક્તો, દાતાઓની હાજરીમાં કરાયા

અને ધવલજી મહેતા રહ્યા હતા. કાર્યક્રમમાં સમાજના અગ્રણીઓ કો.કાનજી સોઢા, મહેન્દ્રસિંહ ચતુરસિંહ સોઢા, નેતસિંહ નોંઘણજી સોઢા, ચતુરસિંહ દેવેનસિંહ સોઢા, સુરતસિંહ રાણસિંહ, સોનસિંહ બહાદુરસિંહ સોઢા, રાણસિંહ કાનજી સોઢા, ભુરજી સુરતસિંહ સોઢા, જાડેજા માધુભા મનોહરજી, જાડેજા જખુભા હનુભા, નિરોણા સરપંચ નરોત્તમભાઈ આહિર, નરેન્દ્રસિંહ જાડેજા, વેલુભા જાડેજા, નજાર ગોપાલ વેરસી સહિતના હાજર રહ્યા હતા. પિથોરાપીર દાદાની મૂર્તિના દાતા સ્વ. સોઢા મલજી અમરસિંહ પરિવાર, ગુરૂજીની મૂર્તીના દાતા સોઢા પ્રેમસિંહ કરશનસિંહ, પીથોરાપીરના દાદાની મૂર્તિના દાતા સુથાર લધુજી લાલજી, માતૃશ્રીની મૂર્તિના દાતા સોઢા તેજમાલસિંહ કરશનજી, ધજા ચડાવવાના દાતા જાડેજા હમીરજી જીલુભા (નિરોણા), આરતીના દાતા સોઢા કરશનસિંહ અમરસિંહ પરિવાર રહ્યા હતા. તણેરાજસિંહ સ્વરૂપાજી, ખીમજી મોતીજી, સુથાર રાણાજી અમથાજી, સુથાર લધુજી લાલજી, ગાભુભા, લક્ષમણસિંહ ખીમાજી, દાનસિંહજી, ડુંગરશી, ભેરજી, કલજી, જીવણજી વગેરેએ સહયોગ આપ્યો હતો.

# દિવ્યાંગ સમૂહને ન્યાય ન મળે તો ચૂંટણીનો બહિષ્કાર કરવાની ચિમકી

ભુજ : સરકારી અંધશાળામાં ૧૧ માસના કરાર પર સેવા આપતા ઉદ્યોગ શિક્ષકના કરાર તા.૧/૫/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ તેની સમય મર્યાદા ૧/૪/ ૨૪ના કરાર પૂર્ણ થયેલ હોય તે સમય ગાળા પહેલા હેડ માસ્તરને શિક્ષકએ લેખિતમાં આ બાબતે વાકેફ કરેલ હોવા છતાં તેઓના નવા કરાર ૨૦ દિવસથી પણ વધુ સમય વીતી જતા પણ આજદીન સુધી નવા કરાર કરવામાં આવેલ નથી. તેથી આ પ્રજ્ઞાચક્ષુ શિક્ષકને આર્થિક સંકટ ઊભું થયું છે. જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સત્વરે ન્યાય અપાવવા માંગ કરાઈ હતી.

આવેદનપત્રમાં જણાવાયું હતું કે, શિક્ષક છેલ્લા સાળા છ વર્ષથી પણ વધુ સમય કરતા સેવા આપતા હોય ત્યારે તેઓની કામગીરીને લઈને કોઈપણ શાળા દ્વારા નોટીસ શુદ્ધા પણ આપવામાં આવી નથી. આ નિમણૂક ન થતા માત્ર એક જ દિવ્યાંગ નહીં પરંતુ શાળાના અભ્યાસ કરતા દિવ્યાંગ સમૂહનું અહીંત થયેલ છે અને આ વિભાગ દ્વારા રાઈટ ટુ એજ્યુકેશનનો અધિકાર કુમળા અંધ બાળકો પાસેથી છીનવી લીધી છે.

આ વિભાગ દ્વારા આઉટ સોરસ તથા કરાર આધારિત કર્મચારીઓનું આર્થિક તથા માનસિક શોષણ કરવામાં આવે છે. દિવ્યાંગ કર્મચારી ચિલ્ડ્રન હોમના ગૃહપિતા તરીકે સેવા આપતા કર્મચારીને સમયરસ સમાજ સુરક્ષા વિભાગ દ્વારા વેતન ચૂકવતા તેઓએ હારી થાકી અને કલેક્ટરને પરિસ્થિતિથી વાકેફ કરેલ, પરંતુ યોગ્ય નિરાકરણ ન આવતા પોતાની નોકરી છોડવાની ફરજ પડી હતી.

ભુજ સરકારી અંધ શાળાના મહિલા રસોઈ કર્મીને હેડ માસ્તર દ્વારા છુટા કરી અને તેમને આ અધિકારથી વંચીત કરેલ અને હાલમાં સમાજ સુરક્ષા વિભાગના મહિલા કર્મીના કરાર તા.૨૬/૩/ ૨૦૨૪ના પૂર્ણ થયેલ હોય અને તેઓના પણ કરાર રિન્યુ કરવામાં આવ્યા નથી. સમાજ સુરક્ષા નિયામકના પરિપત્રની જોગવાઈ પ્રમાણે ટુંકા ગાળાના બ્રેક આપીને નવા કરાર કરવાના હોય તેથી એ સમય ગાળાથી આ ઉદ્યોગ શિક્ષકને મહેનતાણું મળે તેવી કાર્યવાહી કરવા માંગ કરી હતી.

# ડુમરાના રહીમશાપીર ખાતે ગ્રામજનો દ્વારા ચાદરપોશી કરાઈ





નલિયા : અબડાસા તાલુકાના ડુમરા ગામે રહીમશાપીર ઉર્ફે ડુમરા પીરનો વાર્ષિક જશ્નની ઉજવણી કરવામાં આવી હતી. કોમી એકતાના પ્રતીક અને ગાયો માટે વર્ષો પહેલા શહીદી વહોરનાર રહીમશા બાપુની ભૂકંપમાં ક્ષતિગ્રસ્ત થયેલ દરગાહનું જીર્ણોધ્ધાર ડુમરા જૈન મહાજન, ડુમરા મુસ્લિમ સમાજ તેમજ સમસ્ત ગ્રામજનોના દાનથી પુનઃ નિર્માણ ૨૦૦૭માં થયું હતું. દર વર્ષે અહીં વાર્ષિક જશ્ન મનાવવામાં આવે છે.

ડુમરા ગ્રામ પંચાયત અને ડુમરા વિસ્તાર વિકાસ સમિતિ આયોજિત કાર્યક્રમમાં ગ્રામજનો, ડુમરા આજુબાજુના લોકોએ ભાગ લીધો હતો. તે દિવસે ડુમરા જૈન દેરાસરથી વાજતે ગાજતે ચાદરપોશી કરવા ડુમરા પીર સુધી હિન્દુ મુસ્લિમ ભાઇઓ સાથે મળીને રહીમશા બાપુ ભીભામાશા હાજીપીરની દરગાહ વગેરે તે ચાદરપોશી કરવામાં આવી હતી. પ્રેમગીરી બાપુ આનંદેશ્વર જાગીરે જણાવ્યું હતું કે, કચ્છમાં અને સમગ્ર દેશ અને વિશ્વમાં આવો ભાઇચારો કાયમી રહે અને વિશ્વમાં ભારત પ્રગતિશીલ દેશ અને મહાસતા તો જ બનશે, જો આપણે એક અને નેક થશું.

મુફતીએ કચ્છના ભાઈશ્રી હાજી સુલતાનશા બાવાએ તકરીર કરતા ડુમરા વિસ્તારની કોમી એકતા જોઈ અને રહીમશા પીરની જગ્યા ઉપર હું જયારે આવું છું ત્યારે અહીં જેવો આનંદ, ભાઇચારો અન્ય કયાંય જોવા મળતો નથી. ખાસ મુસ્લિમ બિરાદરોને સૂચન કર્યું હતું કે, જેમ હિન્દુ ભાઇઓ આપણા ઉત્સવમાં હોંશભેર ભાગ લે છે તેમ આપ પણ હિન્દુ ભાઇઓના ધાર્મિક ઉત્સવમાં ભાગ લેશો તો અલ્લાહ આપના ઉપર રાજી રહેશે. આ પ્રસંગે રહીમશા બાપુના ભકતોના યાદમાં યોજવામાં આવેલ

કાર્યક્રમમાં મરહુમ હારૂન સુરંગી, મરહુમ અબ્દુલ કરીમ સુમરા, મરહુમ જખરીયા હિંગોરા, સ્વ. પરષોતમગર, સ્વ. કરમશી ચંદે, મરહુમ હુશેન લંગા, મરહુમ મામદ મેમણ વગેરેનું યાદમાં તેમની આત્માને શાંતિ મળે તે માટે દુઆ પડવામાં આવી હતી. દરગાહને વિવિધ રોશની અને ફુલોથી શણગારવામાં આવી હતી. આ પ્રસંગે જયુભા જાડેજા (કારોબારી ચેરમેન, અબડાસા), અયુબભાઇ સુમરા, સરપંચ ડુમરા, ચતુરસિંહ સોઢા, ઉપસરપંચ ડુમરા, હમીદશા સૈયદ, મુત્વદી હાજી હુસન ખલીફા વગેરેનું સન્માન કરાયું હતું. આ પ્રસંગે પેડીનું પ્રસાદ રાખવામાં આવી હતી.

દાતા ભાવેશ લકકી સેવા સ્મૃતિ ટ્રસ્ટ ડુમરાના પરિવારજનો લીલાવંતીબેન ઠકકર, અર્પિત ઠકકર, કુસુમબેન ઠકકર, કસ્તુરબેન ઠકકર, નયનાબેન ઠકકર, હંસાબેન ઠકકર, મીનાબેન ઠકકર વગેરે ઉપસ્થિત રહયા હતા. સંચાલન ચેતનભાઇ ગોર, ભીખુભા રાઠોડ, હરપાલસિંહ જાડેજા, મનીષ ચંદે, વિશાલ ડુડિયા, સીદીકભાઇ તુર્ક, દિલુભા જાડેજા, ગાંગજી મહેશ્વરી, કોલી સુમારભાઇ, વાંછીયા કવિ, આધમભાઇ ખલીફા, મજીદ સુમરા, એયુબ સુમરા, જાકબ સુમરા, અબ્દુલ સુરગી, ખમુ મહેશ્વરી વગેરેએ વ્યવસ્થા સંભાળી હતી. આભારવિધિ અને સંચાલન હાજી જાફર સુરંગીએ કરી હતી.

# એલએલડીસી દ્વારા હસ્તકલા પ્રેમીઓ માટે સમર ક્રાફ્ટ વર્કશોપનું આયોજન

ભુજ : લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઈન સેન્ટર (એલએલડીસી) દ્વારા હસ્તકલા પ્રેમીઓ માટે સમર ક્રાફ્ટ વર્કશોપનું આયોજન કરાયું છે. જેમાં એલએલડીસી ક્રાફટોપિઆ ૨૦૨૪ કચ્છની પરંપરાગત હસ્તકળાઓના વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું છે. કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિને ઉજાગર કરતી કળા એટલે કે ભરતકામ, માટીકામ, બાંધણી, બ્લોક પ્રિન્ટિંગ, પ્લાય સ્પ્લિટ બ્રેડિંગ વગેરે જાણવાની અને શીખવાની ઉત્તમ તક.

ભુજ - ભચાઉ હાઈવે પર ભુજથી માત્ર ૧૫ કિમી દૂર અજરખપુર ગામની નજીક આવેલ એલએલડીસી (લિવિંગ એન્ડ લર્નિંગ ડિઝાઇન સેન્ટર) એ કચ્છની પરંપરાગત કળાને જીવંત રાખતું ક્રાફ્ટ્સ મ્યુઝિયમ છે. જેમાં કચ્છમાં વસતી વિવિધ જ્ઞાતિઓ દ્વારા બનાવવામાં આવતી કળાકારીગરીને સંગ્રહિત કરવામાં આવી છે. એલ.એલ.ડી.સી. ક્રાફ્ટ્સ મ્યુઝિયમમાં ભરતકામ, માટીકામ, કાષ્ટ કારીગરીના નમૂના, ધાતુ કામ વગેરેના બેનમૂન નમુનાઓ પ્રદર્શિત કરવામાં તથા સાચવવામાં આવ્યા છે. આ મ્યુઝિયમમાં દર વર્ષે દેશ - વિદેશના અનેક મુલાકાતીઓ મુલાકાત લે છે.

એલ.એલ.ડી.સી. દ્વારા કચ્છની કલાપ્રેમી જનતા માટે આ ઉનાળા વેકેશનમાં તા. ૧૧થી ૧૫-૫ (૫ દિવસ) સવારે ૧૦થી સાંજના ૫:૩૦ વાગ્યા સુધી એલએલડીસી ક્રાફટોપિઆ ૨૦૨૪ અંતર્ગત વિવિધ વર્કશોપ જેવા કે, ભરતકામ, બ્લોક પ્રિન્ટિંગ, માટીકામ (મડવર્ક), બાંધણી તેમજ પ્લાય સ્પ્લિટ બ્રેડિંગ વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. રસ ધરાવનાર કલાપ્રેમી, આમાંથી કોઈ પણ વર્કશોપમાં રજીસ્ટ્રેશન કરી ભાગ લઈ શકશે. આ વર્કશોપમાં ઉપરોક્ત કળા - કારીગરી અંગે સૈદ્ધાંતિક સમજ આપવામાં આવશે અને પ્રાયોગિક સેશનમાં ભાગ લેનાર વ્યક્તિને જાતે જે તે ક્રાફ્ટના નમૂનાઓ બનાવવાનું શીખવવામાં આવશે. સાથો સાથ તેઓ એલ.એલ.ડી.સી. મ્યુઝિયમની મુલાકાત પણ લઈ શકશે. આ વર્કશોપ કોઈપણ વ્યક્તિ ભાગ લઈ શકે છે.

ખાસ કરીને બાળકો વેકેશનના સમયમાં મોબાઈલનો વધુ પડતો ઉપયોગથી દૂર રહે અને આપણી પરંપરાગત લોક સંસ્કૃતિથી પરિચિત થાય તે માટે આ વર્કશોપમાં ભાગ લે તે ઈચ્છનીય છે. વર્કશોપમાં ભાગ લેવા માટે આપેલ ઉર કોડ સ્કેન કરીને રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે. રજીસ્ટ્રેશન માટેની છેલ્લી તારીખઃ ૮-૫ છે. વધુ માહિતી માટે ફોન નંબર ૦૨૮૩૨ ૨૨૯૦૯૦, ૮૯૮૦૩૨૯૦૯૦ પર સંપર્ક કરવો અથવા www. shrujanlld. org પર મુલાકાત લેવી.

# વર્ધમાનનગરે વાજતે - ગાજતે ૧૫મી ધ્વજાનો નગર પ્રવેશ



ભુજ : વર્ધમાનનગરના રાજા વિમલનાથ પ્રભુજીની ૧૫મી ધ્વજા તથા ઘંટાકર્ણ મહાવીર દેવની છઠી ધ્વજાનો વર્ધમાનનગરે નગર પ્રવેશ તથા પ. પૂ. સા. શ્રી જિનશિશુપ્રજ્ઞાશ્રીજી મ. સા.આદિઠાણા તથા પ. પૂ. સા.શ્રી અમીતવર્ધનાશ્રીજી મ. સા. આદિઠાણા પચ્ચીસ વર્ધમાનનગરે પધારતા વર્ધમાનનગર જૈન સંઘ દ્વારા વાજતે - વાગતે ભવ્ય સ્વાગત કરવામાં આવેલ. ૧૫ મી ધ્વજાનો લાભ માતૃશ્રી મંજુલાબેન હરીલાલ હીરજી શાહ પરિવારે લીધેલ છે.

ધ્વજાનગર પ્રવેશ અને પૂજ્યની પધરામણી પ્રસંગે સ્વાગત યાત્રામાં વર્ધમાનનગર પ્રમુખ રાહુલ મહેતા, હસમુખ વોરા, વર્ધીલાલ પારેખ, ધીરજભાઇ પારેખ, ચેતનભાઇ સંઘવી, ગૌતમ શાહ, કલ્પેશ શાહ, પંકજ શાહ, અતુલભાઇ શાહ, પ્રબોધ મુનવર, હરીશ લોડાયા, કેતન શાહ, ભાવિન શાહ, દર્શક શાહ, અંકિત શાહ, મહેન્દ્રભાઇ લોડાયા, અભય ધરમશી તથા શ્રાવક - શ્રાવિકાઓ વિશાળ સંખ્યામાં જોડાયા હતા. પૂજ્ય ચેતનભાઇ સંઘવીનાં ઘરે પાવન પગલા કર્યા હતા. જિનાલયે દર્શન કરી ઉપાશ્રયે પહોંચી માંગલિક શ્રવણ કરાવતાં ધ્વજાનું મહત્વ સમજાવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા વર્ધમાનનગર ઓનર્સ એસોસિયેશન અને વર્ધમાન શ્વેતામ્બર જિનાલય ટ્રસ્ટનાં સર્વે ટ્રસ્ટી ગણે જહેમત ઉઠાવી હતી.

# ભુજના ડીપી ચોકમાં ૧૧માં હનુમાન જન્મોત્સવની ધામધૂમથી ઉજવણી







હનુમાન મંદિર ખાતે હોમ-હવન, મહાઆરતીની સાથે મહાપ્રસાદનો ભક્તોએ લીધો લાભ





ભુજ : શહેરના જયેષ્ઠાનગરમાં ડીપી ચોક ખાતે આવેલા પવનસુત હનુમાનજી મંદિરે ૧૧મો હનુમાન જન્મોત્સવ વિવિધ કાર્યક્રમો સાથે સંપન્ન થયો હતો. મંગળવારે સવારે મંદિર પરિસરમાં હોમ-હવન બાદ સાંજે મહિલા મંડળ દ્વારા હનુમાન ચાલીસા પાઠ અને સત્સંગ કરવામાં આવ્યો હતો. રાત્રે સંગીતમય મહાઆરતીમાં મોટી સંખ્યામાં સ્થાનિકોએ હાજરી આપી હતી.વિસ્તારના ડીપી ચોક, વાઘેશ્વરી ચોક, રામનગરી, જયેસ્ઠાનગરમાં રહેતા પરપ્રાંતિયો અને સ્થાનિકે રહેતા અંદાજીત ૧૧૦૦ ભક્તોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. આ પ્રસંગે સહયોગી દાતાઓનું શાબ્દિક સન્માન કરાયું હતું. નગરપાલિકાના દંડક અને સ્થાનિક કાઉન્સિલર રાજેશભાઈ ગોરે મંદિરની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

નગરસેવિકા હેમલતાબેન ભાનુશાલીએ કાર્યક્રમમાં હાજરી આપી હતી. સ્થાનિકના વાઘેશ્વરી ચેરીટેબલ ટ્રસ્ટ,હિંગલાજ ગરબી મંડળ, હનુમાન સત્સંગ મંડળ તેમજ પશ્ચિમ કચ્છ બજરંગ દળ, વિશ્વ હિન્દુ પરિષદ, ગૌસેવા સમિતિના હોદેદારોએ હાજરી આપી હતી.મંદિરમાં સેવા-પૂજા કરતા મહેશભાઈ ડાયાભાઈ પરિવારની સેવાને બિરદાવવામાં આવી હતી. કાર્યક્રમને સફળ બનાવવા યુવક મંડળના જીતુ ગોહિલ,સંજય ઠક્કર, ભરત ગરવા,એડવોકેટ સંજય મહેશ્વરી, રમેશ ભાનુશાલી, દીપેન મોતા, નાનજી ધલ, અર્જુન બારીયા, તેજશીભાઈ પુરોહિત, શિવા ભાનુશાલી, મહેશ ભાનુશાલી, મહેશ નરસિંહભાઈ ભાનુશાલી, નરેન્દ્ર(નરૂ) ભાનુશાલી, મહેશ રાઠોડ, મેહુલ રાઠોડ, સંજય ચારણ, ડેનિશ ચારણ,ઈશ્વર ગરવા, રામ સોઢા, સુમિત ભાનુશાલી સહિતનાએ જહેમત ઉઠાવી હોવાનું મીત ગોહિલની યાદીમાં જણાવાયું છે.

# ગઢશીશા વિસ્તારમાં મતિયા દેવના દર્શને જતા પદયાત્રીઓની સેવા માટે કેમ્પો ધમધમયા

ગઢશીશા : વિરાણી નાના ફાટક પાસે ગઢશીશા રિલાયન્સ પંપ પાસે દેવપર (ગઢ), કોટડા (રોહા) રોડ પર વિવિધ દાતાઓ અને મહેશ્વરી સમાજ દ્વારા સેવા કેમ્પનું આયોજન કરાયું હતું. સેવા કેમ્પમાં ચા-નાસ્તો, ફળહારની વ્યવસ્થા છે. દેવપર મહેશ્વરી સમાજ દ્વારા કેશવજીભાઈ રોશિયા, લધાભાઈ કાનજી ધેડાના માર્ગદર્શન હેઠળ કેમ્પમાં યુવાનો અને સેવાભાવીઓએ સેવા આપી હતી.

વિરાણી ગઢ મહેશ્વરી સમાજ દ્વારા યોજાયેલા કેમ્પમાં યુવાનો અને સમાજની મહિલાઓએ સહયોગ આપ્યો હતો. ગઢશીશા રિલાયન્સ પંપ સામે રામજીભાઈ થાવરભાઈ માંગલિયા (લાખોંદ), ગોપી ખીમજીભાઈ સંજોટ (ગઢશીશા), રાજેન્દ્રગિરિ ગોસ્વામી (રાજી





મંડપ)ના સંયુક્ત ઉપક્રમે કેમ્પ યોજાયો હતો. સેવાભાવી ભાઈ- બહેનોએ કેમ્પમાં સેવા આપી હતી.

# કેરા કુમાર શાળા ખાતે ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજાયો



ભુજ : તાલુકાના કેરા ગામે કુમાર શાળા ખાતે ધો.૮ના વિદ્યાર્થીઓનો વિદાય કાર્યક્રમ યોજાયોહતો. આ પ્રસંગે શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને જીવનમાં પ્રગતિ કરવા અને સફળ થવા તેમજ ઉચ્ચ અભ્યાસ કરી શાળાનું નામ રોશન કરવા શુભેચ્છાઓ આપી હતી. અયાજ, પ્રદીપ, હિરેન સહિતના વિદ્યાર્થીઓએ શાળાના સંસ્મરણો વાગોળ્યા હતા અને પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. શાળાના શિક્ષકો તરફથી વિદ્યાર્થીઓને અલ્પાહાર કરાવાયો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે જહેમત ઉઠાવી હતી.

# માધાપરમાં ક્ષત્રીયાણી બહેનો પ્રતિક ઉપવાસ ઉપર ઉતર્યા

**૩૭૦ કલમ ભાજપ હટાવી શકે તો રૂપાલાને કેમ નહીં**



ભુજ : તાલુકાના માધાપર ગામે રાજપૂત સમાજવાડીમાં ક્ષત્રિયાણી બહેનો આજે પ્રતિક ઉપવાસ પર ઉતર્યા છે.

રાજકોટ બેઠકના લોકસભા બેઠકના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજ પર અભદ્ર ટિપ્પણી બાબતે કચ્છની સાથે ગુજરાતભરમાં રોષ ફેલાયો છે ત્યારે ભુજની ભાગોળે આવેલ માધાપર ગામમાં ક્ષત્રિયાણી બહેનોએ આજે પ્રતિક ઉપાવસ પર ઉતર્યા છે.

આ અંગે માધાપર ક્ષત્રિય સમાજ મહિલા પ્રમુખ નીલમબા ઝાલાએ આક્રોશ સાથે જણાવ્યું કે, અમારા સમાજની મા-બહેન, દીકરીઓ વિરૂદ્ધ પુરુષોત્તમ રૂપાલાએ અભદ્ર ટિપ્પણી કરી તેને હટાવવા માટે કચ્છ સહિત ગુજરાતભરમાં આવેદન પત્રો, રેલી, દેખાવો કરવામાં આવ્યા છતા તેમને હટાવાયા નથી. કેન્દ્રની ભાજપ સરકાર ૩૭૦ની કલમ જમ્મુ કાશ્મીરમાં હટાવી શકે છે તો એક રૂપાલાને કેમ હટાવી ન શકયા. તેના વિરૂદ્ધમાં પ્રતિક ઉપાવાસ પર ઉતર્યા છીએ. જેના પરિણામ આવનાર ૭ તારીખે જોવા મળશે. તેવી ચિમકી ઉચ્ચારી હતી.

# લોકશાહીના મહાપર્વમાં મતદાન એ જ મહાદાન



ભારત એ લોકશાહી ધરાવતો દેશ છે. હાલમાં લોકસભાની ચૂંટણીનો જંગ જામ્યો છે. દેશની જનતા ફરી એકવાર લોકશાહીના મહાયજ્ઞમાં ભાગ લઈ નિષ્ઠાવાન સરકારની રચના માટે થનગની રહી છે. આજનો યુવાવર્ગએ દેશનો એક મજબુત પાયો ગણાવામાં આવે છે. ખરા અર્થમાં યુવા મતદારોએ દેશનું એક મજબુત પાસો છે અને તે સરકાર રચવામાં મહત્વની ભૂમિકા નિભાવી દેશનું ભવિષ્ય મતદાન કરી નક્કી કરે છે. તમામ મતદારો તેમજ ખાસ કરીને યુવા મતદારોને એક અપીલ છે કે, સાચી નીતિમતા પૂર્વક બેરોજગારી, ગરીબી જેવા મુદાઓ સમજી શકે, સાચા અર્થમાં દેશ હિતમાં કામ કરે તેવી સરકારની રચના માટે નીતિમત્તાથી મતદાન કરીએ અને લોકશાહીના આ મહાપર્વમાં ઉત્સાહથી જોડાઈ એક સાચા અને લોકહિતના કાર્યો કરે તેવા નેતાને સંસદ સુધી પહોચાડીએ મતદાનએ માત્ર આપણો અધિકાર જ નથી, એ એક આપણી પવિત્ર શક્તિ છે તે શક્તિનો ખરા અર્થમાં મતદાન કરી ઉપયોગ કરીએ. દરેક મતદારોએ લોકશાહીના આ મહાયજ્ઞમાં પોતાની એક પવિત્ર ફરજ તરીકે કોઈ પણ લોભ-લાલચની આવશ્યકતાઓનો ભોગ બન્યા સિવાય દેશના જાગૃત મતદાતા તરીકે અવશ્ય મતદાન કરીએ. એક સમજદાર નાગરીક તરીકે ખરા અર્થમાં મતદાન કરીએ અને લોકશાહી દેશ તરીકે લોકશાહીનું મહત્વ સમજી જનહિતના કાર્યો કરે તેવા જનપ્રતિનિધિને ચૂંટીએ.

'હું છું મતદાર, આળસ કરીશ નહિ, ફરજથી ડગીશ નહિ, મતદાન ચુકીશ નહિ' એક સાચા નાગરિકને જનપ્રતિનિધિ તરીકે મુકવા માટે તમારો મતદાન એજ તમારો અવાજ છે. જેથી દરેક નાગરિકોએ એક અવાજ ઉઠાવી લોકતંત્રના એક ભાગ્યવિધાતા ભારતીય નાગરિક તરીકે આપણી એક પવિત્ર ફરજ સમજી ૭મી મે ૨૦૨૪ લોકશાહીના મહાપર્વમાં ભાગ લઈ મતદાન અવશ્ય કરીએ.

**લી. હરિભાઈ ગાગલ**

# નાના અંગીઆ મા ચામુંડા માતાનો પાટોત્સવ ધામધૂથી ઉજવાયો

**સંતવાણી, પૂજન, ધ્વજારોહણ, મહાપ્રસાદ સહીતના કાર્યક્રમો યોજાયા : ભાવિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા**





નખત્રાણા : તાલુકાના નાના અંગીઆ ગામે ગુરૂ ગરવા બ્રાહ્મણ મુછડીયા પરિવારના કુળદેવી ચામુંડા માતાજીનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો હતો.

ભુવાજી ધનજી બાપા તથા પૂજારી તુલસીભગતના સાંનિધ્યમાં સવારે ધ્વજારોહણ, પૂજન-આરતી બાદ રાત્રે સંતવાણી યોજાઈ હતી. જેમાં ડો. રમેશભાઈ ગરવા, રમણીકભાઈ ગરવા, સી. જે.ગરવા, નરસીંહભાઈ, મણીલાલ નામોરી, ઘનશ્યામ ગરવા, વિક્રમ ગરવા, યોગેશ ગરવા, મનીષ મહેશ્વરી, રમેશભાઈ આહિર, હિરજીભાઈ, કસ્તૂરબેન ગરવા, અરૂણાબેન ગરવા, ચંપાબેન ગરવા, સરપંચો બહાદુરસિંહ જાડેજા, ઈકબાલ ઘાંચી, તુષારભાઈ, ભરતભાઈ વાઘેલા, તુલસી ગરવા, સુરુભા જાડેજા, ઈલિયાસ પીંજારા, જુસબ ખલીફા, શ્રી જોષી , રાજુ ગરવા, લખુભાઈ વાઘેલા, પરેશ શાહ, દિલીપ મુછડીયા, દેવજી ગરવા, મહાપ્રસાદના દાતા હરીલાલ વેલજી ગરવા, હિરાલાલ મુછડીયા, હરેશ મુછડીયા, કારૂભા ગોહિલ, જિજ્ઞાબા ગોહિલ, ભાવનાબેન સહિત સામાજિક, ધાર્મિક, રાજકીયક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. અશ્વિનભાઈ ગરવાએ સ્વાગત પ્રવચન કર્યું હતું.

સંતવાણીમાં નરેન્દ્રસિંહ જાડેજા, યોગેશ ગઢવી, કિંજલબેન ગોસ્વામી, ભજનો, લોકગીત, રાસગરબા રજૂ કર્યા હતા. સાજીંદાઓમાં હનીફ યુસુફ ઉસ્તાદ, મહેશ બારા તથા ખેતશી વાળંદ સંગીત આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વિનયકાંત ગોર, રમેશભાઈ ગરવાએ કર્યું હતું. વિજયભાઈ, પચાણ બાપા, જિજ્ઞેશ, હિતેશભા, મોહનભાઈ, બાબુભાઈ, દિલીપ, ભમજીભાઈ, હરીલાલ, બુધ્ધીલાલ સહિત મુછડિયા પરિવારના સભ્યો કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી. આભારવિધિ બાબુભાઈ ગરવાએ કરી હતી.

# ભુજ જથ્થાબંધ બજારના ગેરકાયદેસર બાંધકામ કેસમાં ભાડા સામે મનાઈહુકમ

ભુજ : ધરતીકંપ પહેલા ભીડનાકાની અંદર ભુજ ગ્રેઈન એન્ડ સીડ્સ મર્ચન્ટ એસોસિએશન હતું. ધરતીકંપમાં નુકસાન પામેલી બજારના વેપારી સંગઠને ભુજીયા ડુંગરની તળેટીમાં નવી જથ્થાબંધ બજારનો નિર્માણ કર્યો હતો. આ બજારમાં ગેરકાયદેસર બાંધકામ બાબતે ભાડા (ભુજ વિસ્તાર વિકાસ સત્તા મંડળ) દ્વારા વેપારીઓને નોટીસો પાઠવવામાં આવી હતી. હાથ ધરાયેલી કામગીરી બાબતે અદાલતમાં ધા નખતા કોર્ટે મનાઈ હુકમ આપતો આદેશ કર્યો હતો.

ભાડા દ્વારા અપાયેલી છેલ્લી નોટીસમાં અનઅધિકૃત બાંધકામ તોડી પાડવા બાબતે તજવીજ હાથ ધરતા બજારના વેપારી કાંતિલાલભાઈ જેરામભાઈ ગણાત્રા સહિતના ૧૩૭ વેપારીઓએ અદાલતમાં ધા નાખી હતી. કોર્ટના છઠ્ઠા અધિક સિનિયર સિવિલ જજની કોર્ટમાં સુનવણી હાથ ધરાતા મનાઈ હુકમ ફરમાવતો ચૂકાદો અપાયો હતો. જજ એચ.એ. બારડે મનાઈ હુકમ ફરમાવતો ચૂકાદો આપતા ભાડાની કાર્યવાહીને બંધારણ વિરૂદ્ધ અને ગેરકાયદેસર ગણાવી હતી. ભાડા દ્વારા જથ્થાબંધ બજારમાં કોઈપણ જાતની તોડફોડ તથા વેપારીઓને અડચણરૂપ ન બને તેવો કાયમી મનાઈ હુકમ આપ્યો હતો. આ કેસમાં અરજદારોવતી ધારાશાસ્ત્રી કૌશલ કિરણ ગણાત્રા, ભૂમિતગિરિ એમ. ગોસ્વામી, વિપુલ એન.ઠક્કર, વિજય.બી. ત્રિપાઠી, અરવિંદ કે.સોની હાજર રહ્યા હતા.

# ભાજપનો અહંકાર તોડવા ક્ષત્રિય સમાજ સંકલ્પબદ્ધ








### ક્ષત્રિય સમાજના નારી અસ્મિતા ધર્મરથને ગાંધીધામમાં અપાયો આવકાર : લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારની વિરૂદ્ધમાં મતદાન કરવા તમામ સમાજોને કરાઈ અપીલ

ગાંધીધામ : કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલાઓ અને રાજવીઓ વિરૂદ્ધ કરેલી આપતિજનક ટિપ્પણી સામે સમગ્ર ક્ષત્રિય સમાજમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. ક્ષત્રિય સમાજ દ્વારા આગામી લોકસભા ચૂંટણીમાં ભાજપના ઉમેદવારની વિરૂદ્ધ અન્ય સક્ષમ ઉમેદવારને મતદાન કરવાની અપીલ સાથે ક્ષત્રિય નારી અસ્મિત ધર્મરથનું આયોજન કરાયું છે. કચ્છના દેશદેવી મા આશાપુરાના સ્થાનક માતાનામઢ ખાતેથી નિકળેલી નારી અસ્મિતા ધર્મરથ કચ્છના સાત તાલુકાઓમાંથી પસાર થઈ ગાંધીધામ આવી પહોંચતા આવકાર અપાયો હતો. ગાંધીધામ ખાતે ધર્મરથને બાલિકાઓના હસ્તે કુમકુમ તિલક કરી સ્વાગત કરાયું હતું. આ વેળાએ ક્ષત્રિય સમાજના અગ્રણી યજુર્વેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, સમાજમાં ભભૂકી રહેલો આક્રોસ લોકસભા ચૂંટણીમાં ભાજપના અહંકારને ભષ્મીભૂત કરી દેશે. ક્ષત્રિય સમાજના ધર્મરથને માત્ર ક્ષત્રિય સમાજ જ નહીં, અન્ય સમાજો દ્વારા પણ સમર્થન મળી રહ્યું છે. કોર કમિટીના સભ્ય જયદેવસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજે આદરેલી ભાજપ સામેની લડતમાં કચ્છના અન્ય સમાજો દ્વારા પણ સંપૂર્ણ સમર્થન મળી રહ્યું છે. ક્ષત્રિય સમભાજના નારી અસ્મિતા ધર્મરથને કચ્છભરમાં અભૂતપુર્વ જનસમર્થન સાંપડી રહ્યું છે. કચ્છના દરેક તાલુકામાં દરેક જ્ઞાતિ સમાજ દ્વારા ક્ષત્રિય સમાજની લડતને સમર્થન મળી રહ્યું છે. ત્યારે ભાજપને તેના અહંકારની કિંમત લોકસભાની ચૂંટણીમાં ચૂકવવી જ પડશે તેવું તેમણે વધુમાં જણાવ્યું હતું. કચ્છના આર્થિક પાટનગર ગાંધીધામ ખાતે પહોંચેલા ક્ષત્રિય નારી અસ્મિતા ધર્મરથને વાજતે ગાજતે આવકાર અપાયો હતો. ગાંધીધામ શહેર અને તાલુકા ઉપરાંત આસપાસના વિસ્તારોમાંથી ક્ષત્રિય સમાજના લોકો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# મુંદરામાં ભાજપ ઉમેદવારના કાર્યલય ઉદ્દઘાટન વેળાએ રાજપૂત ક્ષત્રિય સમાજ દ્વારા વિરોધ કરાયો




### ભાજપ કાર્યાલય પર પોલીસનો જમાવડો : ૧૨ ક્ષત્રિય યુવાનોને ડીટેન કરાયા : મુન્દ્રા મધ્યે ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાનું ચૂંટણી કાર્યાલયનું ઉદઘાટન કરાયું




મુંદરા : ગુજરાતમાં ચૂંટણી જેમ જેમ નજીક આવી રહી છે, તેમ તેમ કરણીસેના ઉગ્ર બનતી જાય છે. રૂપાલાની ક્ષત્રિયો વિરૂદ્ધ કરાયેલી ટીપ્પીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે. ત્યારે ગઈકાલે સાંજે મુંદરા બારોઈ રોડ પર ભાજપના કાર્યાલયના ઉદઘાટન પ્રસંગે ધારાસભ્ય પહોંચ્યા હતા અને ઉદઘાટન થાય તે પહેલા જ ૧૫૦થી વધુ યુવા ક્ષત્રિયોએ હંગામો શરૂ કરી દિધો હતો. રૂપાલા હાય.. હાયના નારા સાથે કેટલાક લોકો કાર્યાલય ખાતે વિરોધ કર્યો હતો. જેથી અગાઉથી જ હાજર મુંદરા પીઆઈ ધોળા તથા સ્ટાફે ૧૨થી વધુ ક્ષત્રિય યુવાનોને ડીટેઈન કર્યા હતા. તો કરણીસેનાના પ્રમુખ હરિસિંહ જાડેજાએ ડીટેન કરાયેલા કુલદીપસિંહ જાડેજા, ભગીરથસિંહ જાડેજા, મહાવીરસિંહ જાડેજા, દિલીપસિંહ સોઢા, ઈન્દ્રજીતસિંહ પરમાર, ભગીરથસિંહ રાયચંદા, લક્કીરાજસિંહ ગોહિલ, અનિરૂદ્ધસિંહ જાડેજા, ઈન્દ્રજીતસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા વગેરેને મુક્ત કરાયા હતા.

કાર્યાલયનું ઉદઘાટન ધારાસભ્ય, ભાજપના પ્રમુખ વિશ્રામભાઈ ગઢવી, ન.પા.ના પ્રમુખ રચનાબેન જોષી, તા.પં. ના પ્રમુખ મહિપતસિંહ જાડેજા, શહેર પ્રમુખ સંજય ઠક્કરની ઉપસ્થિતિમાં કરાયું હતું. આ પ્રસંગે ધારાસભ્યે અબ કી બાર ૪૦૦ પાર અને ત્રીજી વખત પ્રધાનમંત્રી મોદીને બનાવવાના છે. ત્યારે કચ્છના સાંસદ વિનોદ ચાવડાને ૫ લાખથી વધુ વોટથી જીતાડવા આહવાન કર્યું હતું. આ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય રમેશભાઈ મહેશ્વરી, શહેર મહામંત્રી અરવિંદભાઈ પટેલ, ગૌરાંગ ત્રિવેદી, યુવા ભાજપ પ્રમુખ શક્તિસિંહ જાડેજા, કરણ મહેતા, ક.જિ. મંત્રી વાલજીભાઈ ટાપરિયા, હરેન્દ્રસિંહ જાડેજા, મહેન્દ્રસિંહ જામ, જિ.પં. પ્રમુખ પ્રધ્યુમનસિંહ જાડેજા, દેવશીભાઈ પાતારિયા, વિરમભાઈ ગઢવી, ભાવેન્દ્રસિંહ જાડેજા, જુવાનસિંહ બાટી, ચાંદુભા જાડેજા, ન.પા. કાઉન્સિલર મોહિનીબેન ચુડાસમા, કા.ચે. ભોજરાજસિંહ જાડેજા, ઉપપ્રમુખ જીતેન્દ્રભાઈ માલમ, પૂર્વ ન.પા. પ્રમુખ કિશોરસિંહ પરમાર, લાલુભા પરમાર, સર્વ સેવા સંઘના જીગરભાઈ છેડા, અસલમ તુર્ક, કીર્તિ ગોર, ડાયાલાલ આહિર, ચંદ્રકાંત ગોરડિયા, મુકેશ ગોર, નારાણભાઈ સોંધરા, કિશોરભાઈ પિંગોળ, ગોવિંદ ધુવા, માંડણ રબારી, રવાભાઈ આહિર, ભૂપેન મહેતા, જયરાજસિંહ જાડેજા, વિજયસિંહ જાડેજા, મેઘજી સોધમ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# ભુજની કાજાણી હોસ્પિટલના ઉપક્રમે નર્સિંગ કોલેજમાં ટ્રેનિંગ કાર્યક્રમ યોજાયો




ભુજ : શહેરની જાણિતી હોસ્પિટલના ઉપક્રમે ભુજની બીએમસીબી નર્સિંગ કોલેજમાં કાર્ડિયાક અવેરનેસ ટ્રેનિંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં કાજાણી હોસ્પિટલના ડાયરેકટર ડો. ઝાયનુલ કાજાણી દ્વારા બીએમસીબી કોલેજના ૫૭ છાત્રોને હૃદયરોગ સબંધિત જરૂરી તાલીમ આપવામાં આવી હતી.

ડો. કાજાણીએ થીયરીકલ માર્ગદર્શન આપ્યું હતું. ત્યારબાદ છાત્રોને પ્રેકટીકલ તાલીમ પણ આપી હતી. જેમાં હોસ્પિટલના એચઆર મેનેજર દિપ્તીબેન ઠક્કર, નર્સિંગ સ્ટાફના દિપકભાઈ દવે, ગગદાણી અન્સર, કરૂણા મેરિયા, અંબિકાબેન, શબિતાબેન, મેગાબેન વગેરે સહયોગી બન્યા હતા. બીએમસીબી કોલેજના સ્ટાફગણે વ્યવસ્થા સંભાળી હતી.

### મતદાન જાગૃતિ માટે છાત્રોની અપીલ




લોકસભા ચૂંટણીમાં મહત્તમ મતદાન થાય તે હેતુથી મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. કચ્છ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર અમિતભાઈ અરોરાના માર્ગદર્શન હેઠળ વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. ભુજની સેન્ટ ઝેવિયર્સ, સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર સહિતની શાળાઓના છાત્રોએ હમીરસર તળાવના કાંઠે બેન્ડ મારફતે મતદાનનો સંદેશ આપ્યો હતો. છાત્રોએ મતદાતા જાગૃતિના વિવિધ બેનર, પોસ્ટર સાથે મતદારોને અચુક મતદાન કરવાની અપીલ કરી હતી.

# હાજીપીર બાબાના મેળામાં ૩ લાખ શ્રદ્ધાળુઓએ દરગાહ પર ટેકવ્યું માથું




ભુજ : હાજીપીર ખાતે ચાલી રહેલા ત્રી- દિવસીય મેળામાં આજે રવિવારની રજા હોવાથી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. એસટીની વધારાની બસો ઉપરાંત પ્રાઈવેટ વાહનો દ્વારા આજે મોટી સંખ્યામાં લોકો દરગાહ ખાતે માથુ ટેકવવા ઉમટ્યા હતા.

હાજીપીર મેળા સમિતિના જણાવ્યા અનુસાર આજે બપોર સુધી અંદાજીત ૩ લાખની આસપાસ લોકોએ દરગાહે દર્શન કર્યા હતા. કચ્છ જિલ્લા ઉપરાંત જામનગર, મોરબી વગેરે સ્થળો પરથી પણ હાજીપીર બાબાના અનુયાયીઓ દરગાહે માથુ ટેકવવા પહોંચ્યા છે. પ્રખર તાપ વચ્ચે મેળામાં પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની કોઈ તંગી ન પડે તે માટે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગ દ્વારા મેળા સ્થળે ચૂસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો છે. મેળામાં ખાણીપીણી, મનોરંજન વગેરેના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે.

ગરમીના પગલે ઠંડા પીણા અને શેરડીના રસના સ્ટોલ પર ભારે ગીરદી જોવા મળી હતી. ગોરેવલી પ્રાથમિક શાળા ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દ્વારા આરોગ્યની વ્યવસ્થા ગોઠવાઈ હતી. જેમાં ડો. જીતુભાઈ, ડો. નિરવ નંદા, પિન્કીબેન કડિયા, રાહુલ મેરિયા, જીજ્ઞેશ ખુટીની ટીમે સેવા આપી હતી. ૩૫૦થી વધુ લોકોએ મેડિકલ સેવાનો લાભ લીધો હતો. આર્ચીયન કંપની દ્વારા રાધે કેટરર્સના સથવારે શ્રદ્ધાળુઓને ભોજન પીરસવામાં આવી રહ્યું છે તેવું મીતભાઈ અને રોહિતભાઈ જોષીએ જણાવ્યું હતું.

કચ્છની સરહદે આવેલા કોમી એકતાના પ્રતિક સમાન



હાજીપીર બાબાના ત્રિ - દિવસીય મેળાને ગઈકાલે સુન્ની મુસ્લિમ, અખિલ કચ્છ સુન્ની મુસ્લિમ હિતરક્ષકના પ્રમુખ અબ્દુલ રાયમા, આમદભાઈ જત, હાજીપીર વ્યવસ્થાપક સમિતિના પ્રમુખ હાજી અબ્બાસ, પીઆઈ વસાવા, નરા પીએસઆઈ વી.ડી. ગોહિલ, એચ.એમ. બ્રહ્મભટ્ટ, મુંજાવર કાસમભાઈ, હાજી ઈસ્માઈલભાઈ, નૂરમામદભાઈ, અમીનભાઈ સમા, લધાભાઈ કેવર, અકબરભાઈ હાલા, જુણસભાઈ ખત્રી, જકીરભાઈ સમેજા, હાજી દાઉદભાઈ, અબ્દુલ કરીમભાઈ, અમીનભાઈ સમા, ઉમેશ આચાર્યની ઉપસ્થિતિમાં ખુલ્લો મુકાયો હતો.

હાજીપીરની દરગાહે દર્શન માટે આવતા શ્રદ્ધાળુઓ મેળાનો આનંદ માણ્યા બાદ કચ્છ જિલ્લામાં આવેલી અન્ય દરગાહોના દર્શનાર્થે ઉમટ્યા હતા. કરોલ પીર દરગાહ, તલવાણામાં રૂકનશાહપીરની દરગાહના દર્શનાર્થે ભાવિકો ઉમટ્યા હતા.

## માંડવી તાલુકા પંચાયત સભ્યે આપ્યું રાજીનામું

### ક્ષત્રિય સમાજની લડતને ટેકો આપવા ભાજપનું પ્રાથમિક સભ્ય પદ છોડ્યું

માંડવી : તાલુકાની ગુંદિયાળી બેઠકના તાલુકા પંચાયતના સભ્ય ભૂપેન્દ્રસિંહ બચુભા જાડેજાએ ભાજપના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામુ આપી દિધું હતું. જિલ્લા ભાજપને પાઠવેલા રાજીનામામાં તેમણે જણાવ્યું હતું કે, કેન્દ્રીય મંત્રીએ ક્ષત્રિય સમાજની અસ્મિતાનું અપમાન કર્યું છે. દેશના ક્ષત્રિય સમાજે રૂપાલાજીની ટિકિટ રદ કરવા માંગ કરી હતી. પરંતુ ભાજપે ટિકિટ રદ કરવાના બદલે તેમના વાણી વિલાસને સમર્થન આપ્યું છે. ત્યારે સમાજને પ્રાથમિકતા આપી અંતર આત્માનો અવાજ સાંભળી પાર્ટીના પ્રાથમિક સભ્ય પદેથી રાજીનામું આપું છું તેમ તેમણે જણાવ્યું હતું.

## નખત્રાણામાં બંધ ઘરમાંથી ૮૫ હજારની મત્તા ઉસેડાઈ

નખત્રાણા : જિલ્લામાં ઘરફોડ ચોરીની ઘટનાઓ વધી રહી છે. અગાઉ થયેલી ચોરીની ઘટનાઓમાં આરોપીઓ ઝડપાયા નથી ત્યાં નખત્રાણામાં હવે વધુ એક ઘટના પ્રકાશમાં આવી છે. ફરિયાદી નવાનગરમાં રહેતા તરનુમ અલ્તાફભાઈ મામદભાઈ ખલીફાએ જણાવ્યું કે, ગત તા.૨૬ના રાત્રે આઠ વાગ્યાથી ૨૭ના ૦૦:૩૦ વાગ્યા સુધીમાં તેમના ઘરમાંથી ચોરી થઈ હતી. ઘરમાં ગેરકાયદે દરવાજો તોડી અંદર પ્રવેશ કરી તીજોરીનો લોક તોડી તસ્કરો ૩૦ હજારની સોનાની બુટી, ૩૦ હજારની સોનાની વીટી, ચાંદીના પાટલા, પટ્ટા, પોંચી, પેન્ડલવાળી ચેઈન અને ૧૨૦૦ રોકડા મળી કુલ ૮૪,૯૦૦ની માલમત્તા ઉઠાવી જતા નખત્રાણા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

# ભુજ સ્વામિનારાયણ મંદિરે આજે પિતૃઓનાં મોક્ષાર્થે નારાયણ યજ્ઞ યોજાયો




ભુજ : સ્વામિનારાયણ મંદિર ખાતે સંતસ્મૃતિ મહોત્સવની ઉજવણી અંતર્ગત ચાલી રહેલી ૪૦૧ સમૂહ શ્રીમદ્ ભાગવત પારાયણનું મહાઆરતી સાથે સમાપન કરવામાં આવ્યું હતું. સાત દિવસ સુધી હરિભક્તો ભગવાનના લીલા ચરિત્રો સાંભળવામાં લીન બન્યા હતાં. કથા દરમ્યાન આવતાં વિવિધ પ્રસંગોની પણ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જ્યારે કથાનાં સમાપન વેળાએ મહા આરતીનો કાર્યકર્મ યોજાયો હતો. જેને સાધુ-સંતો સહિત બહોળી સંખ્યામાં હરિભક્તોએ લાભ લીધો હતો. શુક્રવારે કથા દરમ્યાન રૂક્ષ્મણી વિવાહની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં યજમાન પરિવારો વર અને કન્યાપક્ષે રહીને સંસારીક લગ્નવીધીની જેમ જ કથા મંડપમાં રૂક્ષ્મણી વિવાહ ઉજવાયો હતો. જેમાં ગણેશ સ્થાપન, જાન આગમન, હસ્તમેળાપ, ફેરા, જાન વિદાય સહિતનાં પ્રસંગોની ઉજવણી કરાઈ હતી.

કથાનાં વક્તા શાસ્ત્રી સ્વામી શ્યામકૃષ્ણદાસજી અને શાસ્ત્રીસ્વામી દેવવિહારીદાસજીએ કથાનાં સમાપન વેળાએ કૃષ્ણ અને સુદામાના પ્રસંગને વર્ણવ્યો હતો. સુદામાની કૃષ્ણ પ્રત્યેની ભક્તિ, મિત્ર રાજા છે, છતાં પણ તેની પાસે માગવુ નહીં. બસ એ રાજી રહે તેમ રહેવુ તેવો ભાવ આ ચરિત્ર કથાનો છે. ભગવાનની સામે ઉભા રહીને માંગવા કરતાં ભગવાન તે જે આપ્યુ છે, તેનો સદ્ઉપયોગ કરી શકુ તેટલી શક્તિ આપજે. તેવી પ્રાર્થના કરવી. તો ભગવાન માગ્ય વગર પણ ઘણુ બધુ આપી દેશે. જેમ સુદામાને તેના મિત્ર કૃષ્ણ એ આપ્યું હતું. કોઈપણ પ્રકારની સેવા જો સમર્પણ ભાવે કરવામાં આવે તે ધર્મ અને ભક્તિ નું ભાથું છે જે અંતકાળે જીવાત્માને મોક્ષમાર્ગી બનાવે છે

કથા સમાપન વેળાએ મહા આરતીનો કાર્યક્રમ યોજાયો હતો. તે સમયે મહંત સ્વામી ધર્મનંદનદાસજી, ઉપમહંત સ્વામી ભગવદજીવનદાસજી, કોઠારી પાર્ષદવર્ય જાદવજી ભગત, કોઠારી સ્વામી દેવપ્રકાશદાસજી આદિ વડીલ સંતો, સાંખ્યયોગી બહેનો સહિત બહોળીસંખ્યામાં શ્રોતાજનો હાજર રહ્યા હતાં. સભા સંચાલન શાસ્ત્રીસ્વામી હરિકૃષ્ણદાસજી તથા શાસ્ત્રીસ્વામી કૃષ્ણજીવનદાસજીએ કર્યું હતું. સ્વામી શ્રીજીનંદનદાસજી, સ્વામી નિર્ભયચરણદાસજી, સ્વામી કપિલમુનિદાસજીએ કથા દરમ્યાન સંગીતનાં સથવારે સાથ કથાને આપ્યો હતો. આજે સવારે સર્વે પિતૃઓનાં મોક્ષાર્થે નારાયણ યજ્ઞ યોજાશે. યજ્ઞના સમાપન વેળાએ મહંત સ્વામિ દ્વારા નારીયેળ હોમવામાં આવ્યું હતું. આ યજ્ઞમાં ૪૧૧ યજમાનો પોતાના પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.

# ઠેકેદાર પ્રથામાં કામ કરતા કામદારોનું શોષણ અટકાવવા પ્રયાસ

### ગાંધીધામમાં ઉદ્યોગો, યુનિયન પ્રતિનિધિઓ, મજૂરો અને વિષય નિષ્ણાતોનું સંમેલન મળ્યું



ગાંધીધામ : ઠેકેદાર પ્રથામાં કાર્યરત કામદારો ખાસ કરીને ટ્રક ડ્રાઈવરો વગેરેનું શોષણ થઈ રહ્યું છે, ત્યારે ઈએસઆઈ સંસ્થા કામદારોના પ્રશ્નોને સફળતા હાંસલ કરવા માટે બેઠક યોજી હતી.

કચ્છ જિલ્લા જનરલ કામદાર સંઘના અધ્યક્ષ મોહનભાઈ કે. આસવાનીના અધ્યક્ષ સ્થાને મધુબન હોટલ હોલમાં ઈએસઆઈ સંસ્થા દ્વારા સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગોમતીબેન ચાવડા ઉપસ્થિત રહ્યા હતા, જેમાં અનુભવી કામદાર નેતાઓ હાજર રહ્યા હતા. ગુજરાત હાઈકોર્ટના વકિલ ભૂષણ ઓઝા, કંડલા પોર્ટ કર્મચારી સંઘના પ્રમુખ મોહનભાઈ આસવાણી, ઉપપ્રમુખ ભરત કોટિયા, કોંગ્રેસના સ્થાનિક પ્રમુખ ભરત સોલંકી, અસંગઠીત કામદાર યુનિયનના સંતોષ મિશ્રા હાજર રહ્યા હતા. સંમેલનમાં ત્રણ કલાકની ચર્ચા બાદ એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, કંડલા પોર્ટ, મુંદરા પોર્ટ અને અન્ય ભાગોમાં કામદારો, ટ્રક ડ્રાઈવર વગેરેનું પગાર ધોરણ, મેડિકલ, ફેસેલીટી, કાદાર અકસ્માતમાં મૃત્યુ પામે તેમને કોઈ પણ પ્રકારનું વળતર આપવામાં આવતું નથી. આ વર્ગના કામદારોને રૂા. ૧૨૦૦૦થી ૧૫૦૦૦ ૨૪ કલાક કાર્ય માટે આપવામાં આવે. મોટી સંખ્યામાં કામદારો બિહાર, ઉત્તરપ્રદેશ વગેરેના નાના ગામોમાંથી આવે છે તેમને કોઈ પણ પ્રકારની સુવિધા ન મળતા તેઓની આર્થિક પરિસ્થિતિ સાવ નબળી થતી જાય છે. અગ્રણીઓએ આવનાર દિવસોમાં લગભગ બે લાખ કામદારોની સંસ્થા, યુનિયનો વતી ગુજરાત હાઈકોર્ટમાં પીઆઈએલ કરવાનો નિર્ણય લીધો હતો અને તે માટે સંસ્થાઓ પોતાના આ કાનૂની જંગ માટે ફંડ ઉભુ કરી કામદારોને ન્યાય અપાવશે એવું એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# દેવપર (ગઢ) વાસાણી ફાર્મ હનુમાન મંદિરે ધ્વજારોહણ કરાયું



ગઢશીશા : માંડવી તાલુકાના દેવપર (ગઢ) ગામે દોઢેક કિલોમીટરના અંતરે આવેલા અને વીસેક પાટીદાર ઘરની વસ્તી ધરાવતા વાસાણી ફાર્મના હનુમાન જયંતીના પાવન અવસરે ધ્વજારોહણનો કાર્યક્રમ યોજાયો હતો.

શાસ્ત્રી ધીરજ મારાજના આચાર્ય પદે યોજાયેલા કાર્યક્રમમાં શાસ્ત્રોકત વિધિસર શિખર પૂજન સાથે ધ્વજા રોહણ તેમજ હવન - આરતી કરાયા હતા. વાસાણી ફાર્મના અગ્રણી હિરજીભાઈ ઉકેડા વાસાણીના મુખ્ય યજમાન પદે યોજાયેલા કાર્યક્રમમાં સમુહ પ્રસાદનું સુંદર આયોજન કરાયું હતું. સમાજના પ્રમુખ મગનભાઈ પારસીયાએ શુભેચ્છાઓ પાઠવી વાસાણી ફાર્મના વિકાસ માટે ઉત્સાહ બતાવ્યો હતો. સમાજના યુવા અગ્રણી જયંતીભાઈ

### હવન, પૂજન, આરતી સમૂહપ્રસાદ યોજાયો

વાસાણી, અરવિંદભાઈ વાસાણી, વડીલ અગ્રણી કરશન બાપા, કેસરા બાપા, છગનભાઈ ધોળુ, કમલેશભાઈ વાસાણી, રવિલાલ વાસાણી, વિશનજીભાઈ પારસીયા, મગનભાઈ વાસાણી, અમરતભાઈ પારસીયા, મોહનભાઈ પારસીયા, રવિલાલભાઈ સહિતનાઓએ આયોજનને બિરદાવ્યું હતું. પરિવારના અનિલભાઈ વાસાણી અને અશોકભાઈ વાસાણીએ હવન, પૂજનમાં સજોડે બેસવાનો લાભ લીધો હતો. આયોજનને સફળ બનાવવા મહિલા મંડળ અને યુવક મંડળે જહેમત ઉઠાવી હતી.

# મોટા કાંડાગરામાં બસ ચાલકે અચાનક વળાંક લેતા બાઈક ચાલક ઘવાયો

ભુજ : માર્ગ અકસ્માતમાં ઈજા થવાના વધુ બે બનાવો પોલીસ ચોપડે ચડ્યા છે. મુન્દ્રા તાલુકાના મોટા કાંડાગરા શિરાચા ગામ તરફ જતા રોડ પર લેબર કોલોની પાસે ટાટા કંપનીની બસ નં.આરજે૦૪-પીએ-૭૪૯૫ ના ચાલકે અચાનક વળાંક લેતા સામેથી આવતી બાઈક નં.જીજે૧૨-ઈપી-૬૪૬૪ સાથે ભટકાતા બાગના આબીદ રમજુ સુમરાને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થઈ હતી. અકસ્માત થયા બાદ બસ ચાલકે ૧૦૮ ને ફોન કરી એમ્બ્યુલન્સ બોલાવી ઘાયલને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડ્યો હતો.

### કિડાણામાં વોકિંગમાં નીકળેલા આધેડને બાઈક ચાલકે ટક્કર મારી

જ્યારે ગાંધીધામમાં શ્રીજીનગર સોસાયટી સામે કિડાણાથી આદિપુર જતા રોડ પર ઓમનગરના હિંમતરાવ વિશ્વાસરાવ પાટીલ વોકિંગ કરતા હતા ત્યારે પાછળથી બાઈક નં. જીજે૧૨-સીક્યુ-૧૫૪૬ ના ચાલકે આવીની ટક્કર મારતા ફરિયાદીને ફ્રેક્ચર સહિતની ઈજાઓ થતા ગાંધીધામ બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરાયો છે.

### લોકસભા ચૂંટણી વચ્ચે વાગડમાં ભચાઉ પ્રાંત શ્રી સૂર્યવંશીનો સપાટો

# રાપર પંથકમાં ખનિજ માફિયાઓને તંત્રની ફટકાર : બોગસ રોયલ્ટી અંગે ૩૪ કરોડનો દંડ

**જિલ્લા કલેક્ટરશ્રી અમિત અરોરાના માર્ગદર્શન હેઠળ ભુજ મદદનીશ નિયામક ખાણ ખનીજ વિભાગની ફ્લાઇંગ સ્કવોર્ડ, ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશી દ્વારા થયેલી કાર્યવાહીથી ખનીજચોરોમાં ફફડાટ**







ભુજ : ઘુડખર અભયારણ્ય વિસ્તારમાં આવતા રાપર તાલુકામાં ખનીજ ચોરીએ માઝા મૂકી છે. રાપર તાલુકાના અનેક ગામોમાં ચાઈનાકલે માટીની બોગસ રોયલ્ટી દ્વારા લાખો ટન ચોરી કરી મોરબી કારખાનામાં વેચાણ કરવામાં આવી રહી છે ત્યારે ગત જાન્યુઆરી ફેબ્રુઆરીમાં જિલ્લા કલેક્ટર અમિત અરોરા અને ભુજ મદદનીશ નિયામક ખાણ ખનીજ વિભાગની ફલાઈંગ સ્કવોર્ડ દ્વારા ભચાઉ પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશીના માર્ગદર્શન હેઠળ ફતેહગઢ વિસ્તારમાં દરોડા પાડી સાહિત્ય તથા બોગસ રોયલ્ટી તથા અન્ય સાહિત્ય કબજે કરી ઉચ્ચ કક્ષાએ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા હતા. ફતેગઢ ગામે બોગસ રોયલ્ટી ચોરી થઈ હતી તેવું સાબિત થતાં કલેકટર કચેરી તથા મદદનીશ નિયામક ફલાઈંગ સ્કવોડ કચ્છ ભુજ દ્વારા ૩૪ કરોડનો દંડ ફટકારવામાં આવ્યો હતો. જેમાં ભારમલ રામજી ચૌધરીને ૭,૨૪,૩૮,૩૨૫/-, પંકજ નરસી પટેલને ૨,૭૫,૬૧,૩૫૪/-, કનૈયાલાલ મણિલાલ ઠક્કરને ૯,૯૭,૪૯,૨૮૯/-, પંકજ નરસી પટેલને ૭,૯૩,૪૯,૨૮૯/-, દેવીસિંહ જેમલસિંહ ચૌહાણને ૨,૫૫,૧૧,૭૨૫/-, રુદ્રસિંહ બહાદૂરસિંહ વાઘેલાને ૩,૨૯,૬૪,૭૩૩/- મળીને કુલ રુપિયા ૩૩,૭૬,૦૨,૪૪૯/- નો દંડ ફટકારવામાં આવ્યો હતો. આ અંગે પ્રાંત અધિકારી બાલમુકુંદ સુર્યવંશીએ ગત જાન્યુઆરી ફેબ્રુઆરી માસમાં સંયુક્ત રીતે દરોડા પાડવામાં આવ્યા હતા અને સ્થળ પર તપાસ કરી આ કાર્યવાહી કરવામાં આવી હતી.

# ભચાઉમાં રસ્તો ક્રોસ કરતા યુવાનને ભારે વાહને હડફેટે લેતા મોત

## સામખિયાળીમાં હાઈવે પર પાર્ક કરેલા ટ્રેઈલરમાં બાઈક ઘૂસી જતા મોરબી જતા આધેડનું મોત

ભુજ : જિલ્લાનાં માર્ગો પર અકસ્માતનો સિલસિલો યથાવત રહેવા પામ્યો છે. તેવામાં વધુ બે ઘટનાઓ સામે આવી છે. જેમાં ભચાઉમાં રસ્તો ક્રોસ કરતા યુવાનને ભારે વાહને હડફેટે લેતા મોત થયું હતું, જ્યારે સામખિયાળીમાં હાઈવે પર પાર્ક કરેલા ટ્રેઈલરમાં બુલેટ ઘૂસી જતા આધેડનું મોત થયું હતું.

ભચાઉ પોલીસ સ્ટેશનેથી મળેલી માહિતી મુજબ ભુજ તાલુકાના ગજોડમાં રહેતા ૩૩ વર્ષિય બળવંતસિંહ શિવુભા જાડેજા ભુજથી મુન્દ્રા ગયા હતા. જ્યાં મુન્દ્રાથી વિજયસિંહ સાથે રાજકોટ જવા નીકળ્યા હતા. બપોરે ૨ વાગ્યે ભચાઉ નજીક આવેલી ગોલ્ડ હોટલે જમવા માટે રોકાયા અને બળવંતસિંહ રાજકોટ જવાનો હોઈ હોટલથી નેશનલ હાઈવે ક્રોસ કરી સામે પાર જતા હતા. ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારતા ગંભીર ઈજાઓ થવાના કારણે તેઓને તાત્કાલિક સીએચસી ભચાઉ અને બાદમાં જી.કે.માં લાવવામાં આવ્યા જ્યાં તેઓનું સારવાર દરમિયાન મોત થતા અરેરાટી ફેલાઈ હતી. બનાવ અંગે અજાણ્યા વાહનના ચાલક સામે ગુનો દાખલ કરાયો છે.

આ તરફ સામખિયાળીમાં ખેમાબાપા હોટલની આગળ અકસ્માતનો બનાવ બન્યો હતો. ટ્રક નં.જીજે૧૨-એટી-૬૫૯૦ ના ચાલકે પોતાના કબજાની ટ્રક હાઈવે પર બેદરકારીથી કોઈપણ જાતના ઈસારા કે આડસ વગર ઊભી રાખી હોઈ હતભાગી રામપર તુણાના ૪૨ વર્ષિય યુનુસ ઉર્ફે જુનુસભાઈ ઈસાભાઈ જુણેજા પોતાની બુલેટ લઈને તુણાથી મોરબી જતા હતા ત્યારે રાતના અંધારામાં બુલેટ ટ્રેઈલરમાં ઘૂસી જતા ગંભીર ઈજાઓ થવાના કારણે મોત થયું હતું જે અંગે રજાકભાઈ જુણેજાએ ટ્રક ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી.

## ભુજોડી હાઈવેના ફાર્મહાઉસમાં દવા પી યુવકે જીવાદોરી ટુંકાવી

ભુજોડી ઓવરબ્રીજ પાસે ભુડિયા ફાર્મહાઉસ (જ્યૂસ સેન્ટર)માં યુવાને દવા પી જીવાદોરી ટુંકાવી હતી. માધાપર પોલીસે જણાવ્યું કે, હતભાગી લાખોંદમાં રહેતો ૨૧ વર્ષિય ધાર્મિક સામંતભાઈ મ્યાત્રાએ કોઈ અગમ્ય કારણોસર ગત તા.૨૩ ના રાત્રે ૧૧ વાગ્યાના અરસામાં ઝેરી દવા પી લેતા મોત થયું હતું. જે અંગે પોલીસે એડી દાખલ કરી છે. આ તરફ અંજારના ભીમાસર ગામે અજાણ્યા આધેડનો ફાંસો ખાધેલી હાલતમાં દેહ મળી આવતા પોલીસે ઓળખના ચક્રો ગતિમાન કર્યા છે.

# ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ૧૮,૭૬૧ મતદારોએ ઉમેદવારોને નકાર્યા હતા

**નોટામાં પડતા મત રાજકીય પક્ષો માટે બન્યા શરદર્દ સમાન : ગત લોકસભા ચૂંટણીમાં ૮ ઉમેદવારોથી વધુ મત નોટામાં પડ્યા હતા : વર્ષ ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કચ્છ - મોરબી બેઠકના ૧૬,૮૭૯ મતદારોએ નોટાનો પસંદ કર્યો હતો વિકલ્પ**

**લોકસભા ચૂંટણી ૨૦૨૪માં કચ્છ બેઠકના ઈવીએમમાં ૧૧ ઉમેદવારો ઉપરાંત ૧૨મું નોટાનું હશે બટન : એકેય ઉમેદવાર પસંદ ન હોય તેવા મતદારો નોટાનો પસંદ કરી શકશે વિકલ્પ**

ભુજ : કચ્છ લોકસભા બેઠક પર લોકસભાની સામાન્ય ચૂંટણી માટે ૭મી મેના મતદાન થવાનું છે. ઉમેદવારોનું આખરી ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. કચ્છ લોકસભા બેઠક પર ૧૧ ઉમેદવારો મેદાને છે. જ્યારે ઈવીએમમાં બારમું બટન નોટાનું જોવા મળશે. ગત લોકસભા ચૂંટણી ૨૦૧૯માં કચ્છ લોકસભા બેઠક પર નોટાને ૧૮,૭૬૧ વોટ પડ્યા હતા. કચ્છ - મોરબી બેઠક પર ૧૮ હજારથી વધુ મતદારોએ તમામ ઉમેદવારોને નકારી કાઢ્યા હતા.

આ અંગેની વિગતો મુજબ કચ્છ જિલ્લામાં લોકસભા ચૂંટણીને લઈ ચૂંટણી પ્રચાર ચલી રહ્યો છે. સોમવારે કચ્છ બેઠક પર ઉમેદવારોનું અંતિમ ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું. આ વખતે લોકસભા ચૂંટણીમાં કચ્છ - મોરબી બેઠક પર કુલ ૧૧ ઉમેદવારો મેદાને છે. ૩ રાષ્ટ્રીય પક્ષ, ૩ અપક્ષ ઉપરાંત અન્ય પક્ષોના પાંચ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે. મતદાન માટે ઉપયોગમાં લેવાતા ઈવીએમાં ૧૧ ઉમેદવારો ઉપરાંત બારમું બટન નોટાનું ઉમેરાશે. જે મતદાર ૧૧ પૈકીના કોઈપણ ઉમેદવારને પસંદ ન કરતા હોય તેવા મતદાર નોટાનો વિકલ્પ પસંદ કરી શકશે.

નોટા (નન ઓફ એબાવ) વિકલ્પની શરૂઆત કચ્છ લોકસભા ચૂંટણી માટે વર્ષ ૨૦૧૪ની ચૂંટણીથી થઈ હતી. ગત લોકસભાની ચૂંટણી વર્ષ ૨૦૧૯માં યોજાઈ હતી, જેમાં કચ્છ - મોરબી બેઠક પર કુલ ૧૮,૭૬૧ મતદારોએ નોટાને વોટ આપ્યો હતો. એટલે કે ૧.૮૩ ટકા વોટ નોટામાં પડ્યા હતા. ગત લોકસભા ચૂંટણી ૨૦૧૯માં કચ્છ બેઠક પર કુલ ૧૦ ઉમેદવારો મેદાને હતા. વિજેતા ભાજપના ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને ૬,૩૭,૦૩૪ (૬૨.૨૫ ટકા), કોંગ્રેસના ઉમેદવાર નરેશભાઈ મહેશ્વરીને ૩,૩૧,૫૨૧ (૩૨.૪૦) ટકા મત મળ્યા હતા. અન્ય આઠ ઉમેદવારોને મળેલા મતનો આંક નોટાથી પણ ઓછો રહ્યો હતો. કચ્છ - મોરબીના નમતદારોએ કરેલા મતદાન અનુસાર નોટાએ ત્રીજા ક્રમે વોટ મેળવ્યા હતા. ગત લોકસભા ચૂંટણીમાં ૧૮ હજારથી વધુ મતદારો એવા હતા જેમને એકપણ ઉમેદવાર પસંદ આવ્યા ન હતા.

વર્ષ ૨૦૧૪માં યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં નોટામાં ૧૬,૮૭૯ મત પડ્યા હતા. વર્ષ ૨૦૧૪માં નોટામાં પડેલા વોટ પાંચમા ક્રમે રહ્યા હતા. વિજેતા ઉમેદવાર વિનોદભાઈ ચાવડાને ૫,૬૨,૮૫૫, કોંગ્રેસના ડૉ. દિનેશ ત્રિવેદીને ૩,૦૮,૩૭૩, બસપાના હિરજી સીજુને ૨૧,૧૦૬ જ્યારે નોટામાં ૧૬,૮૭૯ મત પડ્યા હતા. આપના ઉમેદવાર દનિચા ગોવિંદભાઈને ૧૫,૭૯૭ મત મળ્યા હતા. એટલે કે આમ આમી પાર્ટીના ઉમેદવારથી વધુ મતો નોટામાં પડ્યા હતા. આમ જોવા જઈએ તો નોટામાં પડતા મતોની અસર હારજીતના પરિણામ પર ખાસ જોવા મળતી નથી, પરંતુ નોટામાં પડતો દરેક મત રાજકીય પક્ષો માટે માથાના દુઃખાવા સમાન છે, તે વાસ્તવિકતા છે.

## ક્ષત્રિય સમાજના મતદાન પર રહેશે નજર

ભુજ : કેન્દ્રીય મંત્રી પુરૂષોત્તમ રૂપાલાને લઈને માત્ર કચ્છ જ નહીં રાજ્યની તમામ બેઠક પર ક્ષત્રિય સમાજમાં નારાજગી જોવા મળી રહી છે. સમાજની સકલન સમિતિએ ક્ષત્રિય સમાજના મતદારોને ભાજપના ઉમેદવાર સામે લડી રહેલા સક્ષમ ઉમેદવારને મત આપવા આહ્વાન કર્યું છે ત્યારે ક્ષત્રિય સમાજના મતદારો હરિફ ઉમેદવારને મત આપે છે કે નોટામાં મતદાન કરશે તેના પર સૌની મીટ મંડાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, રૂપાલાના નિવેદન સામે ભભૂકેલી આક્રોશની આગ કચ્છ સુધી પણ પહોંચી છે. ક્ષત્રિય સમાજની નારાજગીને દૂર કરવાના ઉચ્ચ સ્તરેથી અવિરત પ્રયાસો થઈ રહ્યા છે. કચ્છ સહિત રાજ્યની ૨૬ પૈકીની ૨૫ બેઠકો પર માટે મતદાન ૭મી મેના થવાનું છે. મતદાનને આડે હવે પખવાડિયાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે ત્યારે આવનાર દિવસોમાં વિવાદનો અંત આવશે કે કેમ તેના પર રાજકીય સમીક્ષકો મીટ માંડી રહ્યા છે.

# માંડવીમાં ખેડૂતને દારૂના કેસમાં ફસાવવાની ધમકી નકલી પોલીસે ૧.૪૨ લાખ પડાવી લીધા

**મસ્કાના ફાર્મહાઉસમાં દારૂની બોટલ સાથેનો ફોટો પાડી શરૂઆતમાં ૬૦ હજાર બાદમાં ભુજ, એલસીબી, ગાંધીનગર પોલીસને ખબર પડી ગઈ હોવાના બહાના બતાવી ટુકડે ટુકડે રકમ પડાવી : શિરવાના શખ્સ સામે ત્રગડીના નકલી પોલીસ બનેલા યુવક સામે ખંડણી સહિતની કલમો તળે ગુનો**

માંડવી : શિરવાના ખેડૂતને દારૂના કેસમાં ફસાવી દેવાની ધમકી આપીને બે શખ્સોએ ૧.૪૨ લાખ પડાવી લેતા ખંડણી સહિતની કલમો તળે ગુનો નોંધાયો છે.

માંડવી તાલુકાના શિરવામાં રહેતા ખેડૂત છગનલાલ મીઠુભાઈ ચાંદરાએ માંડવી પોલીસમાં ગુનો દાખલ કરાવતા જણાવ્યું કે, એક વર્ષ અગાઉ તેઓ ખરીદી કરવા માટે માંડવી આવ્યા ત્યારે ચાયની કીટલી ઉપર ચાય-પાણી પીવા બેસતા એ દરમિયાન મૂળ શિરવાના અને હાલે માંડવીમાં રહેતા કિશોર ઉર્ફે પપ્પુ કંસાર અવાર નવાર મળતો જેથી તેની સાથે પરિચય હતો. થોડા દિવસો બાદ સાંજના સાતેક વાગ્યાના અરસામાં ચાયની હોટલે હતા ત્યારે કિશોર ઉર્ફે પપ્પુ મળ્યો અને તેણે જણાવ્યું કે, મારા મિત્રએ મસ્કા રોડ ઉપર પાર્ટી પ્લોટ બનાવ્યો છે જેનુ ઓપનીંગ છે જેથી આપણે પ્રોગ્રામમાં જતા આવીએ બાદમાં બંને મસ્કા રોડ ઉપર પાર્ટી પ્લોટમાં ગયા ત્યારે ફરિયાદી સોફા પર બેઠા અને થોડીવારમાં કિશોર ઉર્ફે પપ્પુ દારૂની બોટલ લઈ આવ્યો અને સોફા આગળ ટેબલ પર દારૂની બોટલ રાખી દીધી તેવામાં ૧૦ મિનિટ બાદ બે માણસો આવ્યા અને કહ્યું કે, અમો પોલીસમાં છીએ તારી ઉપર દારૂનો કેસ કરી જેલમાં પૂરી નાખશું તેમ કહી એક જણાએ દારૂ સાથે ફરિયાદીનો ફોટો પાડી મારકૂટ કરી હતી.

કિશારે કહ્યું કે, આ પોલીસ વાળા છે અને તમને દારૂના કેસમાં ફસાવી દેશે જેથી રૂપીયા ૬૦ હજારનો વ્યવહાર કરવો પડશે. ફરિયાદીએ હાલમાં રૂપીયા ન હોવાનું જણાવી આવતી કાલે આપવાનું કહ્યું હતું. ડરના કારણે ઘરે કોઈને વાત ન કરી બીજા દિવસે મસ્કા ઓક્ટ્રોયની બાજુમાં આવી કિશોરને ૬૦ હજાર આપ્યા હતા. તે સમયે મામલો પતી ગયો પણ એક મહિના અગાઉ ફરિયાદીને શક્તિસિંહ નામથી ફોન આવ્યો અને કહ્યું કે, હું પોલીસમાં છું અને અગાઉ પોલીસે દારૂની રેઈડ કરી હતી જેમાં બે આરોપી પકડાયા છે અને તમારું નામ ખુલ્યું છે. જેથી તમારી અટકાયત કરવી પડશે જો અટકાયત ન કરવી હોય તો વ્યવહાર પેટે એક લાખની માંગ કરી હતી. ફરિયાદીએ રકઝકના અંતે ૩૦ હજારમાં પતાવટ કરી સાંજે શીતલામાતાના મંદીર પાસે શકિતસિંહને રૂપિયા આપ્યા હતા.

અઠવાડીયા અગાઉ ફરી શક્તિસિંહનો ફોન આવ્યો અને કહ્યું કે, તમારી દારૂની મેટરમાં ભુજ પોલીસ અને મોટા સાહેબને ખબર પડી ગઈ છે અને વ્યવહાર કરવો પડશે નહિતર તમારી અટક કરવી પડશે. તેમ કહી ડરાવી-ધમકાવી ૫૦ હજારની માંગણી કરી તે દિવસે સાંજે નગરપાલિકા પાસે બોલાવી ૨૮ હજાર આપ્યા હતા. બાદમાં ફરી શક્તિસિંહનો ફોન આવ્યો અને કહ્યું કે, હવે તમારી મેટરમાં ગાંધીનગર પોલીસ તથા ક્રાઈમ બ્રાન્ચને ખબર પડી ગઈ છે. જેથી વ્યવહાર કરવો પડશે નહિતર અટક કરવી પડશે તેમાં પણ ૫૦ હજારની માંગણી પેટે નગરપાલિકા પાસે ૨૪ હજાર આપ્યા હતા. ચાર દિવસ અગાઉ ફરી શકિતસિંહે ફોન કર્યો અને તમારી મેટર પુરી થઈ નથી જેથી હજી ૨૫ હજાર આપવા પડશે તેવી માંગણી કરતા ફરિયાદીએ હવે હું રૂપિયા આપી શકું તેમ નથી. શક્તિસિંહે ગાળાગાળી કરી કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપતા ફરિયાદીએ તણાવ આવી ગયો અને ઘરે આવી દીકરાને વાત કરી હતી.

શક્તિસિંહ નકલી પોલીસ કર્મચારી બની રૂપિયા પડાવતો હોઈ માંડવી પોલીસ સ્ટેશને જઈ કિશોર અને ત્રગડીના ૩૧ વર્ષિય શક્તિસિંહ ભરતસિંહ જાડેજા સામે ગુનો દાખલ કરાવ્યો હતો. બન્ને જણાએ ફરિયાદીને ડરાવી ધમકાવી અત્યાર સુધીમાં ૧.૪૨ લાખ પડાવી લીધા હતા. માંડવી પોલીસે ગુનો દાખલ કરી આગળની તપાસ પીઆઈ ડી.ડી.સિમ્પીએ હાથ ધરી છે.

### 'તમારા મતદાન કેન્દ્રને ઓળખો' અભિયાન

# કચ્છના તમામ મતદાન કેન્દ્રો મતદારો માટે ખુલ્લા મુકાયા

**બીએલઓની ઉપસ્થિતિમાં મતદારોએ પોતાના બુથની લીધી મુલાકાત : મતદાતા સ્લિપ, વાહન પાર્કિંગ સુવિધાની મેળવી માહિતી**






ભુજ : લોકસભા ચૂંટણીના મતદાનને આડે હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. કચ્છ બેઠક પર ઉમેદવારોની અંતિમ યાદી જાહેર થયા બાદ હવ મતદારો મતદાન દિવસની પ્રતિક્ષા કરી રહ્યા છે. તો ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદાન મથકોની વ્યવસ્થા કરવા માટેની તૈયારીઓ અંતિમ તબક્કામાં પહોંચી છે. મતદાનનાં દિવસે મતદારો મતદાન મથકો શોધવામાં તકલીફ ન પડે તે માટે ચૂંટણી પંચ જિલ્લાના તમામ મતદાન કેન્દ્રોમાં આજે ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. લોકો સરળતાથી તેમનું મતદાન મથક જાણી શકે તેમજ ત્યાં સિનિયર સીટીઝન્સ માટે શું વ્યવસ્થા છે તે જાણી શકે તે માટે તમામ મતદાન મથકો આજે મતદારો મુલાકાત લઈ શકે તે માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

આ અંગેની વિગતો મુજબ ભારતીય ચૂંટણી પંચ દ્વારા ત્રીજા તબક્કામાં તા. ૭ મે નાં રોજ ગુજરાતમાં લોકસભા ચૂંટણીને લઈ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. ત્યારે દરેક મતક્ષેત્રમાં આવતા મતદાન કેન્દ્ર અને બૂથ શોધવા માટે મતદારોને તકલીફ ન પડે તે માટે આજે કચ્છના તમામ ૧૮૪૪ મતદાન મથકોએ ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. આ વખતે લોકસભા ચૂંટણીમાં કચ્છ બેઠક પર કુલ્લ ૧૯,૩૫,૩૩૮ મતદારો નોંધાયા છે. જેમાં કચ્છની છ વિધાનસભા બેઠકો પર ૧૬,૪૫,૩૬૪ મતદારો ૧૧ ઉમેદવારોનું ભાવિ નક્કી કરશે. મતદારોએ આજે મતદાન મથક પર જઈ પોતાનાં બૂથની મુલાકાત લઈ મતદાન મથક નજીક વાહન પાર્કીંગ ક્યાં કરી શકાશે. સ્લીપ ક્યાંથી મેળવી શકશે. સિનિયર સિટીઝન માટે શું વ્યવસ્થા કરવામાં આવી છે. તેવી તમામ બાબતોની જાણકારી મેળવી રહ્યા છે. આજની સ્પેશ્યલ ડ્રાઈવને ભારતીય ચૂંટણી પંચ દ્વારા 'નો યોર પોલિંગ સ્ટેશન' નામ અપાયું છે. ઉપરાંત બીએલઓ દ્વારા સિનિયર સિટિઝન્સ તેમજ મહિલાઓ ચૂંટણીનાં દિવસે વધુમાં વધુ મતદાન કરે તે માટે પણ ખાસ જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું હતું.

## પોલીંગ સ્ટાફના મતદાનની તૈયારીઓ શરૂ

ભુજ : ઈવીએમ અને સ્ટાફના બે રેન્ડમાઈઝેશનની પ્રક્રિયા સંપન્ન થયા પછી આજથી ઈવીએમને ચૂંટણી માટે સજ્જ થવાની કામગીરી શરૂ કરાઈ છે. તંત્ર દ્વારા ચૂંટણી ફરજમાં રોકાયેલા સ્ટાફને બીજા તબક્કાની તાલીમ સાથે તેમના માટે પોસ્ટલ બેલેટથી મતદાન માટેનો કાર્યક્રમ પણ જાહેર કરી દેવાયો છે. આ ઉપરાંત કચ્છ બેઠક પરથી ચૂંટણી જંગમાં ઝુકાવનારા ૧૧ ઉમેદવારના નામ ઈવીએમમાં પ્રિન્ટ કરવા સહિતની આનુષંગિક કામગીરી કરાશે. આઠ હજાર જેટલા કર્મચારીઓ ચૂંટણી ફરજમાં જોતરાવવાના છે, તેમની બીજા તબક્કાની તાલીમ ૩૦ એપ્રિલથી બીજી મે વચ્ચે હાથ ધરાશે. ત્યારે આ પોલિંગ સ્ટાફ પોસ્ટલ બેલેટથી ૩૦ એપ્રિલ અને પહેલી મેના પોસ્ટલ બેલેટથી મતદાન કરશે. જયારે પોલીસ-એસઆરપી સહિતની સુરક્ષા એજન્સીઓનું પોસ્ટલ બેલેટથી મતદાન બીજી અને ત્રીજી મેના હાથ ધરાશે.

## રાજસ્થાન-લખનૌની મેચમાં સટ્ટો રમતો ગાંધીધામનો યુવક જબ્બે

ગાંધીધામ : હાલમાં આઈપીએલની મેચ ચાલી રહી છે ત્યારે ગાંધીધામમાં ઓમ સિનેમા સર્કલ પાસે આદિપુરનો યુવાન મોબાઈલમાં ઓનલાઈન સટ્ટો રમતા ઝડપાયો હતો.

આ અંગેની વિગતો મુજબ બાતમીના આધારે એ-ડિવિઝન પોલીસે ગઈકાલે રાત્રે તપાસ કરી હતી. જેમાં આદિપુરમાં રહેતો કિશનભાઈ જશવંતભાઈ શુક્લ નામનો યુવાન તેના મોબાઈલમાં ઈલેવન-એક્સ પ્લે નામની સાઈટ પર લખનૌ જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની મેચમાં સટ્ટો રમતો જોવા મળ્યો હતો. ઓનલાઈન આઈડી વડે પૈસાની હારજીતનો જુગાર રમાતો હતો. જેથી પોલીસે તેની અટક કરી ૨૫ હજારનો મોબાઈલ કબજે કર્યો હતો. અત્રે ઉલ્લખેનીય છે કે, ગાંધીધામમાં અવાર-નવાર આઈપીએલની મેચ પર રમાતા જુગારની પ્રવૃત્તિ સામે આવે છે પરંતુ ભુજમાં હજુ સુધી નામ માત્રનો પણ એક કેસ સામે આવ્યો નથી. ભુજ સહિત સમગ્ર પશ્ચિમ કચ્છમાં મોટાભાગે ઓનલાઈન આઈડી વડે હારજીતનો તેમજ ઓફલાઈન પણ ક્રિકેટ સટ્ટો ખેલાઈ રહ્યો છે. ઘણા પરિવારો આ બદીમાં બરબાદ પણ થયા છે ત્યારે પોલીસ દ્વારા ધાક બેસાડતી કાર્યવાહી કરવામાં આવે તે સમયની માંગ છે.

## કચ્છમાં ચેકીંગ પર 'ચૂંટણીલક્ષી' બ્રેક લાગતા વીજચોરોને મોકળું મેદાન

**લોકસભા ચૂંટણી અનુસંધાને પીજીવીસીએલનો સ્ટાફ પણ કામગીરીમાં વ્યસ્ત હોઈ ઉઠાવાતો ગેરલાભ**

(બ્યુરો દ્વારા)

ભુજ : લોકસભા ચૂંટણીની તારીખો જેમ- જેમ નજીક આવી રહી છે તેમ - તેમ ચૂંટણીલક્ષી કામગીરીનો ધમધમાટ ગતિમય બનતો જઈ રહ્યો છે. આચારસંહિતા અમલી બનવાની સાથે તંત્ર દ્વારા કેડર વાઈઝ કર્મચારી- અધિકારીઓને ચૂંટણીલક્ષી કામગીરીની જવાબદારી સોંપી દેવાતા ચૂંટણી શાખા સિવાયના કર્મચારીઓ પણ ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાયેલા જોવા મળી રહ્યા છે. ત્યારે અન્ય વિભાગની સાથોસાથ વીજતંત્રના કેટલાક કર્મચારીઓને પણ ચૂંટણીલક્ષી કામગીરી સોપવામાં આવી હોઈ રાજ્યના અન્ય વિસ્તારોની સાથે કચ્છમાં પણ વીજચેકિંગની કામગીરી પર બ્રેક લાગતા વીજચોરોને મોકળું મેદાન મળ્યો હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે.

આ અંગેની વિગતો મુજબ પીજીવીસીએલ ગુજરાતમાં અન્ય વિસ્તારોની તુલનાએ ભુજ તેમજ અંજાર સર્કલમાં વીજચોરીનું પ્રમાણ ઉચું હોઈ સમયાંતરે વીજ ચેકિંગ ટીમોના કચ્છમાં ધામા રહેતા હોય છે. તેમજ તેઓ દ્વારા ભુજ- અંજાર સર્કલમાંથી લાખોની વીજચોરી પણ ઝડપી પાડવામાં આવતી હોય છે. વીજતંત્ર દ્વારા ચેકીંગની કામગીરી અવિરત રહેતી હોવા છતાં શહેરી વિસ્તારોની તુલનાએ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ ચોરીનું પ્રમાણ વિશેષ જોવા મળતું હોય છે. ઘરેલુ કનેક્શન ઉપરાંત કોમર્શીયલ તેમજ ઔદ્યોગીક કનેક્શનોમાં પણ અનેક વખત લાખોની ગેરરીતિ બહાર આવી ચુકી છે. જો કે, લોકસભા ચૂંટણીની તારીખો જાહેર થવાની સાથે આચારસંહિતા અમલી બની જતા વીજચેકિંગની કામગીરી પર પણ બ્રેક લાગી ગયા છે, ત્યારે જિલ્લામાં આગામી ચૂંટણી સુધી વીજીલન્સના આંટાફેરા થવાના ન હોઈ ઉપરાંત સ્થાનીક કર્મીઓ પણ ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાયા હોઈ વીજચોરોને છુટો દોર મળ્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, માર્ચ માસ સુધી નાણાકીય વર્ષના ટાર્ગેટ પુરા કરવા વીજચેકીંગ અને વસુલાતની ઝુંબેશ બાદ વીજતંત્ર માંડ પરવાર્યું હતું ત્યાં લોકસભાની ચૂંટણી આવી જતા વીજ વિભાગના કર્મીઓને નવી જવાબદારીઓ સોપી દેવામાં આવી છે. હાલે કાળઝાળ ગરમીના દિવસો ચાલી રહ્યા હોવાથી વીજ વપરાશ પણ વધ્યો છે. સાથે વીજચોરીનું દુષણ પણ વ્યાપક બન્યું છે.